RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 428 Dt. 14-09-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# દુનિયાને હવે ઠોસ પરિણામોની આશા

## ૧૮માં બ્રિક્સ સમિટના સમાપનમાં મોદીનું સંબોધન : આગામી બ્રિક્સ સમિટની અધ્યક્ષતા માટે ચીનને પાઠવી શુભકામનાઓ

નવી દિલ્હી, તા.૧૩

નવી દિલ્હી સ્થિત ભારત મંડપમ ખાતે આયોજિત ૧૮માં બ્રિક્સ શિખર સંમેલનનું સફળતાપૂર્વક સમાપન થઈ ગયું છે. આ સંમેલનની અધ્યક્ષતા કરી રહેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમાપન ટિપ્પણી કરતા કાર્યક્રમમાં સક્રિય ભાગીદારી નોંધાવવા બદલ તમામ દેશોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સભ્ય દેશોના મહત્વપૂર્ણ વિચારો અને સૂચનોએ પરસ્પર સહયોગને વધુ વ્યાપક અને ઊંડાણપૂર્વકનો બનાવ્યો છે. તમામ રાષ્ટ્રોની હાજરી બ્રિક્સની વધતી સુસંગતતા, ખુલ્લાપણું અને સમાવેશીતાનું પ્રમાણ હોવાનું જણાવી વડાપ્રધાને આગામી બ્રિક્સ સંમેલનની અધ્યક્ષતા માટે ચીનને પણ શુભકામનાઓ પાઠવી હતી.



વડાપ્રધાને પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, છેલ્લા બે દિવસની સઘન ચર્ચાઓએ એ વિશ્વાસ વધુ મજબૂત કર્યો છે કે બ્રિક્સ માત્ર દેશોનો સમૂહ જ નથી, પરંતુ ઉકેલોની એક સિસ્ટમ છે. આ સમિટમાં અપનાવવામાં આવેલું 'નવી દિલ્હી ઘોષણાપત્ર' સભ્ય દેશોની સહિયારી વિચારસરણી અને ભવિષ્યના સહયોગ માટે એક સ્પષ્ટ દિશા પ્રદાન કરશે. આપણે તમામ પરિણામોને નિર્ધારિત સમયમર્યાદા વાળા કામોમાં બદલવા પડશે, જેથી તેની સીધી અસર જમીની સ્તર સુધી દેખાય. તેમણે સૌને સાથે મળીને એ સુનિશ્ચિત કરવા આહ્વાન કર્યું હતું કે આપણું ફ્રેમવર્ક માત્ર કાગળની કામગીરી સુધી સીમિત ન રહેતા વાસ્તવિક જીવનમાં ઠોસ અસર પાડે.

બ્રિક્સ સંગઠન હવે પોતાના ત્રીજા દશકમાં પ્રવેશ કરવા જઈ રહ્યું છે, ત્યારે વડાપ્રધાને વૈશ્વિક અપેક્ષાઓનો ચિતાર આપતા કહ્યું હતું કે, દુનિયા હવે બ્રિક્સ પાસેથી માત્ર વિચારો અને વાયદાઓની નહીં, પરંતુ ઠોસ પરિણામોની આશા રાખે છે. સામૂહિક પ્રયાસોથી આ આશાઓ પર સંગઠન ચોક્કસપણે ખરું ઊતરશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. અંતમાં, નવી દિલ્હી સમિટને સફળ બનાવવા માટે તમામ દેશો અને તેમની ટીમોની વિશેષ પ્રશંસા કરી વડાપ્રધાને સૌની સુખદ અને સુરક્ષિત યાત્રાની કામના કરી હતી.



# મણિપુરમાં ફરી હિંસાઃ ૪ મોત

## તામંગલોંગમાં હથિયારબંધ લોકો દ્વારા બે હુમલા કરાયા

નવી દિલ્હી, તા. ૧૩

મણિપુરના તામંગલોંગ જિલ્લામાં થયેલી તાજી હિંસામાં એક દંપતી સહિત ચાર લોકોના મોત થયા છે. આ હિંસામાં એક છ વર્ષનો માસૂમ બાળક પણ ગંભીર રીતે ઘાયલ થયો છે. અધિકારીઓ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે તામંગલોંગમાં હથિયારબંધ લોકો દ્વારા બે અલગ-અલગ હુમલા કરવામાં આવ્યા હતા.

મણિપુરના તામંગલોંગ જિલ્લાના કૈમાઈ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા ટોલન ગામમાં રવિવારે સવારે આશરે ૫:૩૦ વાગ્યે પહેલી ઘટના બની હતી. આ હુમલામાં ૪૬ વર્ષીય લિંગઝંગાઈ સિંગસિટનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેમના પતિ સેનેહ સિંગસિટ અને ૬ વર્ષના પુત્રને ગોળી વાગી હતી. સારવાર માટે અસમની સિલચર મેડિકલ કોલેજ લઈ જતી વખતે સેનેહ સિંગસિટનું પણ મોત નીપજ્યું હતું. ૬ વર્ષના માસૂમ બાળકની સારવાર ચાલુ છે, અને તેની હાલત ગંભીર બતાવવામાં આવી રહી છે.

પહેલી ઘટનાના થોડા કલાકો બાદ બપોરે આશરે ૩ વાગ્યે તામંગલોંગ જિલ્લાના નુંગબા પોલીસ સ્ટેશન વિસ્તારના લોંગપી ગામમાં બીજો હુમલો થયો હતો. 'વેસ્ટર્ન વિલેજ વોલન્ટિયર' (WVV) નામના કુકી જૂથે દાવો કર્યો કે લોંગપી ગામમાં થયેલા હુમલામાં જિલી સિંગસન અને રિયોલ ગંગટે નામના વ્યક્તિઓના મોત થયા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આ હુમલો NSCN-IM અને ZUF-K જૂથોના સભ્યો દ્વારા કરવામાં આવ્યો હતો.

WVV અને કૈમાઈ વિલેજ ઓથોરિટીએ આ ક્રૂર હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે, અને સુરક્ષા દળો પાસે ૨૪ કલાકની અંદર દોષિતોની ધરપકડ કરવાની માંગ કરી છે. વિલેજ ઓથોરિટીએ કુકી અને નાગા બંને સમુદાયોને અફવાઓથી દૂર રહેવા અને શાંતિ જાળવી રાખવા અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે, આ હિંસક ઘટના એ જ દિવસે બની જેને કુકી સમુદાય 'બ્લેક ડે' (કાળો દિવસ) તરીકે મનાવે છે, જે ૧૯૯૦ના દાયકાની હિંસામાં જીવ ગુમાવનારાઓની યાદમાં યાદ કરવામાં આવે છે.

### હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારમાં વધતા પ્રાદેશિક તણાવ વચ્ચે

# ઓમાનના દરિયાકાંઠે જહાજ પર હુમલો!

## ૧૩ ભારતીયોને બચાવાયા, ૧ની શોધખોળ ચાલુ : વિદેશ મંત્રાલયે હુમલાની નિંદા કરી રાજદ્વારી ઉકેલની અપીલ કરી છે

નવી દિલ્હી, તા.૧૩

હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારમાં વધતા પ્રાદેશિક તણાવ વચ્ચે ઓમાનના દરિયાકાંઠે વાણિજ્યિક જહાજ એમટી એલ ગૈયા (MT El Garia) પર હુમલો થવાની ગંભીર ઘટના સામે આવી છે. ભારતે રવિવારે આ હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે. જહાજ પર સવાર કુલ ૧૪ ભારતીય ક્રૂ સભ્યોમાંથી અત્યાર સુધીમાં ૧૩ ને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે એક ગુમ થયેલા ભારતીય નાગરિક માટે મોટા પાયે શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે.



ભારતીય વિદેશ મંત્રાલય (MEA) ના જણાવ્યા અનુસાર, ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસ સમગ્ર પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે અને ઓમાની સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે. આ હુમલાની સાથે જ હોર્મુઝ સ્ટ્રેટમાં કેશ્મ ટાપુ નજીક એક ઈરાની કાર્ગો જહાજ પર પણ હુમલો થયો હોવાના અહેવાલ મળ્યા છે, જેમાં ૧ વ્યક્તિનું મોત અને ૪ લોકો ઘાયલ થયા છે.

વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે, ''ઓમાનના દરિયાકાંઠે વાણિજ્યિક જહાજ પર થયેલા આ હુમલાની અમે સખત અપ્રસન્નતા વ્યક્ત કરીએ છીએ અને નિંદા કરીએ છીએ. આ વિસ્તારમાં વાણિજ્યિક શિપિંગ, નિર્દોષ ખલાસીઓ, નાગરિકો અને નાગરિક માળખાગત સુવિધાઓને નિશાન બનાવવાની પ્રવૃત્તિ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.''

ભારતે ફરી એકવાર મધ્ય પૂર્વ ક્ષેત્રમાં તણાવ ઓછો કરવા, હિંસા અટકાવવા અને કોઈપણ વિવાદનો ઉકેલ સંવાદ તેમજ રાજદ્વારી માધ્યમથી લાવવા માટે ભારપૂર્વક અપીલ કરી છે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા વાણિજ્યિક જહાજોના મુક્ત અને સલામત આવાગમન ને વહેલી તકે પુનઃસ્થાપિત કરવા હાકલ કરી છે. ઉલ્લેખનીય છે કે, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને યુએસ નાકાબંધી સમાપ્ત કરવાની શરતે જ જળમાર્ગ ખોલવાની વાત કરી છે.

# બલૂચિસ્તાનમાં આતંકી હુમલો : ૨૩ મોત

## સૈન્યના કાફલાને નિશાન બનાવાયો, સૈનિકો શહીદ

નવી દિલ્હી, તા.૧૩

પાકિસ્તાનના અશાંત વિસ્તાર બલૂચિસ્તાનમાંથી એક ભયાનક આતંકી હુમલાના સમાચાર સામે આવ્યા છે. બલૂચિસ્તાનના લાસબેલા જિલ્લામાં નેશનલ હાઈવે (N-25) પરથી પસાર થઈ રહેલા પાકિસ્તાની સેનાના કાફલાને નિશાન બનાવીને મોટો વિસ્ફોટ કરવામાં આવ્યો છે. આ હુમલામાં ૨૩ થી વધુ જવાનો માર્યા ગયા હોવાની આશંકા છે, જ્યારે અનેક જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ઘટના લાસબેલાના કશારી વિસ્તારમાં બની હતી. ત્યાંથી ફ્રન્ટિયર ફોર્સના આશરે ૧૫ વાહનોનો કાફલો પસાર થઈ રહ્યો હતો ત્યારે આતંકીઓએ તેને લક્ષ્ય બનાવીને તીવ્ર વિસ્ફોટ કર્યો હતો. ધમાકો એટલો ભયાનક હતો કે સુરક્ષા દળનું એક વાહણ સળગીને ખાખ થઈ ગયું હતું.




ગોળીબાર અને વિસ્ફોટ બાદ તુરંત જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા તમામ જવાનોને તાત્કાલિક સારવાર માટે નજીકના 'બેલા કેમ્પ' ખાતે ખસેડવામાં આવ્યા છે. પાકિસ્તાની સેના દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું ન હોવાથી મૃતકો અને ઘાયલોનો આંકડો બદલાઈ શકે છે.

આ હુમલા પાછળ 'બલૂચ લિબરેશન આર્મી' (BLA) નો હાથ હોવાની પ્રબળ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી આ સંગઠન બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સુરક્ષા દળો, સરકારી સંપત્તિઓ અને મુખ્ય હાઈવે પર સતત હુમલા કરી રહ્યું છે. ઇકઅ દ્વારા અગાઉ પણ સેનાના કાફલાને નિશાન બનાવવાની ઘટનાઓ બની છે.

ઘટના બાદ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. લાસબેલાનો ગ-૨૫ હાઈવે કરાચીને ક્વેટા સાથે જોડતો ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને વ્યૂહાત્મક માર્ગ છે. સુરક્ષાના કારણોસર આ હાઈવેને હાલ પૂરતો સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે.

# AIને રોકો નહીંતર મચશે ભયંકર તબાહી

## એન્થ્રોપિકના CEOની ચેતવણીને મસ્ક-ઓલ્ટમેનનું પણ સમર્થન : એ.આઈ. ડેવલપમેન્ટ ધીમું કરવાની અપીલ

નવી દિલ્હી, તા.૧૩

એન્થ્રોપિકના CEO ડારિયો અમોડેઈએ એ.આઈ. ડેવલપમેન્ટ ધીમું કરવાની અપીલ કરી છે. તેમના આ પ્રસ્તાવને ઘાયક્ષએ.આઈ. ના સેમ ઓલ્ટમેન અને એ.આઈ. ના ઈલોન મસ્કે ટેકો આપ્યો છે. સુરક્ષાની ચિંતાઓ અને એ.આઈ. ના દુરુપયોગને કારણે આ નિર્ણય લેવાયો છે. ડારિયોએ સ્વતંત્ર મૂલ્યાંકનકર્તાઓની નિયુક્તિ અને આંતરરાષ્ટ્રીય સહયોગની ભલામણ કરી. ઝડપી એ.આઈ. મોડેલથી મોટા નુકસાનનો ભય વ્યક્ત કરાયો છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. ટેકની આ દુનિયામાં આનાથી વધુ કોઈ ચર્ચિત શબ્દ નથી. દરરોજ આપણને ક્યાંકને ક્યાંક આ એ.આઈ. વિશે સાંભળવા મળતું હોય છે. આ ડિજિટલ યુગમાં એ.આઈ. નો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે અને તેને વધુ ને વધુ પાવરફુલ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ વચ્ચે ટેક વર્લ્ડના ત્રણ સૌથી મોટા દિગ્ગજોએ એ.આઈ. ની સ્પીડ પર બ્રેક લગાવવા પર સહમતિ દર્શાવી છે. તેમનું માનવું છે કે હવે આ ટેકનોલોજીને થોડી ધીમી કરવાની જરૂર છે.

એન્થ્રોપિકના CEO ડારિયો અમોડેઈએ એ.આઈ. કંપનીઓને ટેકનોલોજીમાં થઈ રહેલા ઝડપી ડેવલપમેન્ટ પર બ્રેક લગાવવાની અપીલ કરી છે. તેમના આ વલણ પર ઘાયક્ષએ.આઈ. ના CEO સેમ ઓલ્ટમેન અને એક્સએ.આઈ. ના પ્રખમ ઈલોન મસ્કે પણ હામી ભરી છે.શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર અમોડેઈએ એ.આઈ. ને લઈને કહ્યું કે જેમ-જેમ મોડલની ક્ષમતાઓ ઝડપથી વધી રહી છે, કંપનીઓને સિક્યુરિટી મજબૂત કરવા માટે વધુ સમયની જરૂર છે.

અમોડેઈએ સુરક્ષાની તપાસ માટે મોટી એ.આઈ. કંપનીઓમાં કર્મચારીઓ જેવી એક્સેસ ધરાવતા ઈન્ડિપેન્ડન્ટ ઈવેલ્યુએટર્સને તહેનાત કરવાનો પ્રસ્તાવ મૂક્યો. તેમણે તપાસ વગર થઈ રહેલા ડેવલપમેન્ટને રોકવા માટે એ.આઈ. કંપનીઓ વચ્ચે તાલમેલ અને ગ્લોબલ લેવલ પર આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવાની વાત કહી. અમોડેઈએ લખ્યું કે, 'આપણે એ.આઈ. મોડલની ક્ષમતાઓને સુધારવાની સ્પીડને ધીમી કરવી પડશે. તેમ છતાં ડેવલપમેન્ટ ઝડપી દેખાશે, પરંતુ આપણને મળેલા સમયનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.'

સેમ ઓલ્ટમેને અમોડેઈના આ પ્રસ્તાવને સમર્થન આપતા કહ્યું, 'હું ડારિયો સાથે સહમત છું કે આપણે મોરચાની રફતારને કંટ્રોલ કરવાની જરૂર છે. હાલના સપ્તાહોમાં એ.આઈ. માં આપણી બેઠકોનો આ જ મુખ્ય મુદ્દો રહ્યો છે. ઈન્ડિપેન્ડન્ટ ઈવેલ્યુએટર્સને અંદરની એક્સેસ આપવી એ એક શ્રેષ્ઠ આઈડિયા છે અને આપણે પણ એવું જ કરીશું.' બીજી તરફ ઈલોન મસ્કે પણ સહમતિ દર્શાવતા લખ્યું કે, 'ડારિયો તદ્દન સાચુ કહી રહ્યા છે.'

તાજેતરમાં એન્થ્રોપિકના રિસર્ચર જેકબ કોક્સને પણ રાજીનામું આપતા કહ્યું હતું કે, એ.આઈ. બનાવનારા માને છે કે આ દાયકાના અંત સુધીમાં બધું તબાહ કરી શકે છે.

હું એ.આઈ. ટ્રેનિંગ કે ટેકનિકલ ડેવલપમેન્ટને પૂરી રીતે રોકવાની માગ નથી કરી રહ્યો. તેમણે લોકશાહી દેશોમાં એ.આઈ. ની સ્પીડને ચીન સાથે ચાલી રહેલી સ્પર્ધા સાથે જોડી. તેમણે ચેતવણી આપી કે 'એ.આઈ. માં ચીનની બઢત અમેરિકા માટે રાષ્ટ્રીય સુરક્ષાનો ખતરો ઊભો કરી શકે છે. તેથી, લોકશાહી દેશોએ પોતાની બઢત જાળવી રાખીને જ સ્પીડ ધીમી કરવી પડશે.' તેમણે ચીનને બઢત બનાવતા રોકવા માટે એડવાન્સ્ડ એ.આઈ. ચિપ્સ અને મોડલ ડેટાની ચોરી પર સખત કંટ્રોલની માગ કરી.



### એ.આઈ.ના ખોટા ઉપયોગની વધતી ચિંતાઓ

ડારિયોનો આ પ્રસ્તાવ એન્થ્રોપિકના એ ખતરા સાથે જોડાયેલા ઈન્ટેલિજન્સ રિપોર્ટના થોડા દિવસો પછી આવ્યો છે, જેમાં ખુલાસો થયો હતો કે, કેટલાક તત્વોએ ક્લોડ એ.આઈ. મોડલનો ઉપયોગ હથિયાર બનાવવા, સાઈબર હુમલાઓ, દેખરેખ અને છેતરપિંડી માટે કર્યો હતો. અમોડેઈએ ચેતવણી આપી કે, 'ઝડપથી વધી રહેલા એ.આઈ. મોડલ ટૂંક સમયમાં ઓટોનોમસ સિસ્ટમનું ઝૂંડ તૈયાર કરી શકે છે, જેનાથી મોટું નુકસાન થઈ શકે છે. મને ડર છે કે આગામી ૬ થી ૧૨ મહિનામાં આવું ઝૂંડ આખા ઈન્ટરનેટ પર કબ્જો કરી શકે છે, જેનાથી સેંકડો અબજ ડોલરનું નુકસાન થઈ શકે છે.'

# ગુજરાતમાં વર્તાતા દુષ્કાળના એંધાણ

## ૯૨% વાવેતર સામે રાજ્યમાં માત્ર ૭૫% જ વરસાદ નોંધાતા, ખેતરોમાં ઊભો પાક બળી જવાની ગંભીર ભીતિથી ખેડૂતો ચિંતિત

રાજકોટ, તા.૧૩

ગુજરાતમાં ચોમાસાના અંતિમ તબક્કામાં જળસંકટ ઘેરું બન્યું છે. રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ માત્ર ૭૫% વરસાદ નોંધાયો છે, જેના કારણે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ખરીફ પાક સૂકાઈ રહ્યો છે. ખેડૂતોએ ૯૨% થી વધુ વિસ્તારમાં વાવણી કરી હતી, પરંતુ વરસાદના અભાવે ૭૮.૫૫ લાખ હેક્ટરમાં વાવેલો પાક નિષ્ફળ જવાની ભીતિ છે. જો આગામી દિવસોમાં વરસાદ નહીં પડે તો સ્થિતિ વધુ ગંભીર બનશે. ચોમાસાની ઋતુ હવે તેના અંતિમ તબક્કામાં પ્રવેશી રહી છે, ત્યારે ગુજરાત પર જળસંકટ અને પાક નિષ્ફળ જવાનો મોટો ખતરો તોળાઈ રહ્યો છે. ચોમાસાની શરૂઆતમાં થયેલા સંતોષકારક વરસાદના આધારે ખેડૂતોએ ઉત્સાહભેર મોટા પાયે વાવણી તો કરી દીધી, પરંતુ ત્યારબાદ લાંબા સમયથી વરસાદ ખેંચાતાં રાજ્યના હજારો હેક્ટરમાં ઊભો ખરીફ પાક સુકાવા લાગ્યો છે.

રાજ્યમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત જેવા પ્રદેશોમાં વરસાદની મોટી ઘટ નોંધાતાં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. જો આગામી ગણતરીના દિવસોમાં વરસાદ નહીં પડે તો ખેતરોમાં ઊભો મોલ સંપૂર્ણ બળી જવાની ભીતિ સેવાઈ રહી છે.ગુજરાતમાં ચોમાસાનો પ્રારંભ મોડો થયો હતો, પરંતુ પ્રથમ રાઉન્ડના સારા વરસાદના પગલે ખેડૂતોએ ૯૨% થી વધુ જમીનમાં ખરીફ વાવેતર સંપન્ન કર્યું હતું. તેની સામે રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ માત્ર ૭૫% જેટલો જ વરસાદ વરસ્યો છે. પાણીના અભાવે હજારો હેક્ટરનો ખરીફ પાક સુકાવા માંડ્યો છે.



રાજ્યમાં છેલ્લા ૩ વર્ષની સરેરાશ અનુસાર ખરીફ સિઝનમાં સામાન્ય રીતે ૮૫.૩૦ લાખ હેક્ટરમાં વાવેતર થતું હોય છે. તેની સરખામણીએ ચાલુ વર્ષે અત્યાર સુધીમાં તેલીબિયાં, ધાન્ય, કઠોળ અને અન્ય પાકો મળીને કુલ ૭૮.૫૫ લાખ હેક્ટરમાં (૯૨.૦૮%) વાવણી નોંધાઈ ચૂકી છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૩૬.૬૦ લાખ હેક્ટર અને ઉત્તર ગુજરાતમાં ૧૬.૫૩ લાખ હેક્ટરમાં ખેડૂતોએ પાક વાવ્યો છે, પરંતુ વરસાદ ન પડતાં આ તમામ મહેનત પર પાણી ફરી વળે તેવી સ્થિતિ સર્જાઈ છે.

ગુજરાતમાં ઝોન મુજબ વરસાદની સ્થિતિ પર નજર કરીએ તો, રાજ્યમાં કુલ સરેરાશ ૯૦૯ મિલીમીટર સામે ચાલુ વર્ષે ૬૮૩ મિલીમીટર એટલે કે ૭૫.૨૫% વરસાદ નોંધાયો છે. ઝોન મુજબ જોઈએ તો દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર સૌથી વધુ રહી છે, જ્યાં ૧૫૪૨ મિમી સરેરાશ સામે ૧૫૯૪ મિમી (૧૦૩.૪૦%) વરસાદ પડ્યો છે. બીજી તરફ કચ્છમાં ૫૦૦ મિમી સરેરાશ સામે માત્ર ૧૪૬ મિમી (૨૯.૨૯%) વરસાદ જ નોંધાયો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ૭૩૦ મિમી સામે ૪૧૦ મિમી (૫૬.૨૩%), મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૮૧૯ મિમી સરેરાશ સામે ૬૧૩ મિમી (૭૪.૯૧%) અને સૌરાષ્ટ્રમાં ૭૬૨ મિમી સરેરાશ સામે ૪૨૬ મિમી (૫૬.૦૧%) વરસાદ થયો છે.

રાજ્યના ૮ જિલ્લાઓમાં વરસાદની પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક બની છે, જ્યાં ૫૦% થી લઈને ૯૩% સુધી વરસાદની ખાધ નોંધાઈ છે. વરસાદની સૌથી વધુ ઘટ ધરાવતા આ ટોપ ૮ જિલ્લાઓમાં દેવભૂમિ દ્વારકા મોખરે છે, જ્યાં સૌથી વધુ ૯૩.૫૯% ની ઘટ છે. આ સિવાય પોરબંદરમાં ૮૧.૮૮%, જામનગરમાં ૭૧.૧૨%, અને કચ્છમાં ૭૦.૭૧% વરસાદની ઘટ જોવા મળી છે. જ્યારે અરવલ્લીમાં ૫૩.૭૮%, સાબરકાંઠામાં ૫૩.૩૯%, ગીર સોમનાથમાં ૫૩.૩૮%, અને રાજકોટમાં ૫૨.૯૧% વરસાદની ખાધ નોંધાઈ છે.

ઝોન મુજબ ખરીફ પાકોના વાવેતરની વાત કરીએ તો, રાજ્યમાં કુલ ૭૮,૫૫,૧૦૦ હેક્ટરમાં વાવેતર પૂર્ણ થયું છે. જેમાં ખેડૂતોએ સૌથી વધુ સૌરાષ્ટ્રમાં ૩૬,૬૦,૩૦૦ હેક્ટરમાં વાવેતર કર્યું છે. આ પછી ઉત્તર ગુજરાતમાં ૧૬,૫૩,૮૦૦ હેક્ટર અને મધ્ય ગુજરાતમાં ૧૪,૩૫,૮૦૦ હેક્ટરમાં વાવેતર નોંધાયું છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૬,૪૧,૫૦૦ હેક્ટર અને કચ્છમાં ૪,૩૩,૭૦૦ હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે.

# સોમનાથમાં ૨૨ લાખથી વધુ ભક્તોએ કર્યા દાદાના દર્શન

## શ્રાવણના સોમવાર, જન્માષ્ટમીના દિવસોમાં ભક્તોની ભીડ



રાજકોટ, તા.૧૩

શ્રાવણ માસ દરમિયાન પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શનાર્થે ૨૨.૬૧ લાખથી વધુ ભક્તો ઉમટ્યા હતા. ગત વર્ષ કરતાં ૬.૪૪ લાખ વધુ શ્રદ્ધાળુઓએ સોમનાથ ધામની મુલાકાત લીધી હતી. શ્રાવણના સોમવાર, જન્માષ્ટમી અને રજાના દિવસોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. આ વર્ષે ૧,૧૦૯ ધ્વજા પૂજા અને ૧,૩૯૪ સોમેશ્વર પૂજા સહિત ધાર્મિક સેવાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, જે શ્રદ્ધાળુઓની અતૂટ આસ્થા દર્શાવે છે.

પહેલી જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના પાવન ધામમાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ભક્તિ અને આસ્થાનો અદભૂત સંગમ જોવા મળ્યો. શ્રાવણ માસના પ્રારંભથી લઈને પૂર્ણાહુતિ સુધી સોમનાથ તીર્થમાં દેશ-વિદેશમાંથી આવેલા લાખો શ્રદ્ધાળુઓનો સતત પ્રવાહ જળવાઈ રહ્યો હતો. 'હર હર મહાદેવ' અને 'જય સોમનાથ'ના નાદથી સમગ્ર સોમનાથ ધામ ગુંજી ઊઠ્યું હતું. આ વર્ષે માત્ર દર્શનાર્થીઓની સંખ્યામાં જ નહીં, પરંતુ સોમનાથ મહાદેવની વિવિધ ધાર્મિક સેવાઓ, પૂજા-અર્ચના અને અનુષ્ઠાનોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન ૨૨,૬૧,૫૯૭ દર્શનાર્થીઓએ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગત વર્ષે શ્રાવણ માસ દરમિયાન ૧૬,૧૭,૧૬૨ ભક્તોએ દર્શન કર્યા હતા. આમ, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૬,૪૪,૪૩૫ વધુ દર્શનાર્થીઓ સોમનાથ ધામે પહોંચ્યા હતા. ખાસ કરીને શ્રાવણના સોમવાર, જન્માષ્ટમી પર્વ અને જાહેર રજાના દિવસોમાં સોમનાથમાં ભક્તોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો.

શ્રાવણ માસના ચાર સોમવારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સોમનાથ ઉમટી પડ્યા હતા. દર્શનાર્થીઓની વિગત અનુસાર, પહેલા સોમવારે ૧,૬૪,૧૬૬, બીજા સોમવારે ૧,૪૨,૧૦૦, ત્રીજા સોમવારે ૮૭,૩૭૧ અને ચોથા સોમવારે ૧,૬૬,૮૦૨ દર્શનાર્થીઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. વહેલી સવારથી જ મંદિર પરિસર અને આસપાસના વિસ્તારોમાં ભક્તોની લાંબી કતારો લાગી હતી. શ્રદ્ધાળુઓએ શિવલિંગ પર જળ અને દૂધનો અભિષેક કરી સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી. પવિત્ર શ્રાવણ દરમિયાન આવેલ જન્માષ્ટમી પર્વે પણ સોમનાથ તીર્થમાં જનમેદની ઉમટી પડી હતી. જન્માષ્ટમીના એક જ દિવસે ૧,૭૨,૭૫૫ દર્શનાર્થીઓએ સોમનાથ મહાદેવના શરણમાં શીશ નમાવ્યું હતું. તહેવારના દિવસો દરમિયાન લાખો ભક્તોએ સોમનાથના પવિત્ર વાતાવરણમાં ધાર્મિક અનુભૂતિ કરી હતી.

સોમનાથ મહાદેવના શિખર પર ધ્વજારોહણ અને પૂજનની પરંપરા પ્રત્યે પણ શ્રદ્ધાળુઓમાં ઊંડી આસ્થા જોવા મળી છે. ગત વર્ષે શ્રાવણ માસમાં ૮૦૧ ધ્વજા પૂજા થઈ હતી, જ્યારે આ વર્ષે આ સંખ્યા વધીને ૧,૧૦૯ થઈ છે, જે ૩૦૮નો વધારો દર્શાવે છે. આ ઉપરાંત, સોમેશ્વર પૂજામાં પણ ૧૯૪ પૂજાનો વધારો નોંધાયો છે. ગત વર્ષની ૧,૨૦૦ સોમેશ્વર પૂજા સામે આ વર્ષે ૧,૩૯૪ પૂજા સંપન્ન થઈ હતી. શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાના જણાવ્યાનુસાર, શ્રાવણ માસ દરમિયાન ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ શ્રદ્ધાળુઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. આ સમયગાળા દરમિયાન ૪૩,૪૩,૦૦૦ મહામૃત્યુંજય જાપ અને ૩૮,૦૧,૫૦૦ સંપૂર્ણ મહામૃત્યુંજય જાપ નોંધાયા હતા. આ ઉપરાંત ૮,૭૭૫ રુદ્રાભિષેક પાઠ, ૪,૦૩૧ ગંગાજળ અભિષેક, ૨,૯૧૯ બ્રહ્મભોજન અને મહામૃત્યુંજય યજ્ઞમાં આહુતિ સહિતના વિવિધ ધાર્મિક કાર્યો ભક્તો દ્વારા સંપન્ન કરવામાં આવ્યા હતા. શ્રાવણ માસની પૂર્ણાહુતિ સાથે જ સોમનાથ તીર્થમાં ભક્તિમય માહોલ ચરમસીમાએ પહોંચ્યો હતો. સોમનાથમાં નોંધાયેલા આ આંકડા માત્ર સંખ્યાનો વધારો નથી, પરંતુ દેશ અને દુનિયાના શ્રદ્ધાળુઓની સોમનાથ મહાદેવ પ્રત્યેની અડગ આસ્થાનું પ્રતિબિંબ છે.

# વિદ્યાર્થીઓએ રોબોટિક્સ પ્રવૃત્તિમાં બતાવી સર્જનાત્મકતા

## મિકેનિક્સ એક્ટિવિટી અંતર્ગત કરો અને શીખો પદ્ધતિથી વિદ્યાર્થીઓએ મેળવ્યો પ્રત્યક્ષ અનુભવ

રાજકોટ, તા.૧૩

ખીજડીયા પ્રાથમિક શાળામાં બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા, તાર્કિક વિચારસરણી તથા ટેકનોલોજી પ્રત્યેની રુચિ વિકસે તે હેતુથી મિકેનિક્સ એક્ટિવિટી અંતર્ગત વિશેષ રોબોટિક્સ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયર પારસભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને રોબોટિક્સ, ઇલેક્ટ્રોનિક્સ, મિકેનિકલ સિસ્ટમ તેમજ વિવિધ નવીન ટેકનોલોજી આધારિત પ્રવૃત્તિઓ અંગે સરળ અને રસપ્રદ રીતે માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને માત્ર સૈદ્ધાંતિક માહિતી આપવાને બદલે વિવિધ પ્રવૃત્તિઓ જાતે કરાવીને કરો અને શીખો પદ્ધતિ દ્વારા પ્રયોગાત્મક શિક્ષણ આપવામાં આવ્યું હતું.

પ્રવૃત્તિ દરમિયાન બાળકોએ પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારનાં રમકડાં, મોડેલ અને મિકેનિકલ રચનાઓ જાતે તૈયાર કરી હતી. રોબોટિક્સ અને મિકેનિકલ પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. નવી વસ્તુઓ કેવી રીતે બનાવી શકાય, તેમાં ટેકનોલોજી કેવી રીતે કાર્ય કરે છે તથા કોઈ મોડેલ તૈયાર કરતી વખતે કઈ રીતે વિચારવું તે અંગે વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો.આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત પ્રતિભાઓને ઉજાગર કરવાની સાથે સમસ્યા ઉકેલવાની ક્ષમતા, તાર્કિક વિચારસરણી, સર્જનાત્મકતા, અવલોકનશક્તિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તેવો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આવી પ્રવૃત્તિઓ બાળકોને માત્ર પુસ્તકી જ્ઞાન પૂરતું મર્યાદિત ન રાખતા તેમને પ્રયોગ, અનુભવ અને સર્જનાત્મકતાના માધ્યમથી શીખવાની તક પૂરી પાડે છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ માટે આ પ્રવૃત્તિ જ્ઞાન સાથે આનંદ, પ્રયોગ અને અનુભવથી ભરપૂર રહી હતી. નવીન ટેકનોલોજી સાથે પરિચય કરાવતી આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં કંઈક નવું કરવાની અને જાતે મોડેલ બનાવવાની પ્રેરણા મળી હતી.



## ગુજરાતના આ ૪ સ્થળોથી શરૂ થશે મોટું અભિયાન

# મંદિરો-પર્યટન સ્થળો પર નહીં દેખાય ભિક્ષુકો

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના પ્રમુખ ધાર્મિક અને પ્રવાસન સ્થળો પર આવતા લાખો શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ વચ્ચે ભિક્ષાવૃત્તિ એક મોટી સામાજિક સમસ્યા બની રહી છે. આ પરિસ્થિતિને કાયમી ધોરણે બદલવા અને ભિક્ષાવૃત્તિમાં ધકેલાયેલા લોકોને સન્માનજનક જીવન પૂરું પાડવા માટે કેન્દ્ર સરકારે એક અભિયાન હાથ ધર્યું છે.કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા શરૂ કરાયેલા ભિક્ષાવૃત્તિ મુક્ત અભિયાનના પ્રથમ તબક્કામાં ગુજરાતના ૪ શહેરો અને યાત્રાધામોની પસંદગી કરવામાં આવી છે. આ પ્રકારના લોકોને એક જ સ્થળે લાવીને તેમનું કાઉન્સિલિંગ કરાશે ત્યારબાદ આધાર કાર્ડ-રેશન કાર્ડ-આયુષ્યમાન કાર્ડ જેવા જરૂરી દસ્તાવેજ બનાવાશે. તેઓને આશ્રય આપીને પ્રધાનમંત્રી દક્ષ યોજના અંતર્ગત રોજગારલક્ષી તાલીમ અપાશે. - મોના પાંચાલ, અધિક સચિવ (સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર)



ગુજરાતના કયા ૪ સ્થળોની પસંદગી કરાઈ? તે અંગે જોઈએ તો, વડોદરા, ગીર સોમનાથ (પ્રથમ જ્યોતિર્લિંગ ક્ષેત્ર), એકતાનગર (સ્ટેચ્યુ ઑફ યુનિટી), પાવાગઢ (શક્તિપીઠ યાત્રાધામ) પસંદ કરાયા છે.

આ અભિયાન હેઠળ સૌથી પહેલાં વડોદરા, ગીર સોમનાથ, એકતાનગર અને પાવાગઢ જેવા પસંદ કરાયેલા સ્થળો પરથી ભિક્ષાવૃત્તિ સાથે જોડાયેલા લોકોને એકઠા કરીને એક જ સ્થળે આશરો આપવામાં આવશે. ત્યારબાદ તેમનું પ્રોફેશનલ કાઉન્સિલિંગ કરવામાં આવશે, જેથી તેઓ ભિક્ષાવૃત્તિ છોડીને નવું જીવન શરૂ કરવા માનસિક રીતે તૈયાર થાય. કાઉન્સિલિંગ પછી તેમના આધાર કાર્ડ, રેશન કાર્ડ અને આયુષ્માન કાર્ડ જેવા જરૂરી સરકારી દસ્તાવેજો બનાવી આપવામાં આવશે.દસ્તાવેજીકરણ પૂર્ણ થયા બાદ આ લોકોને આશ્રય આપીને પ્રધાનમંત્રી દક્ષ યોજના અંતર્ગત વિવિધ કૌશલ્યોની રોજગારલક્ષી તાલીમ અપાશે, જેથી તેઓ સ્વનિર્ભર બની સમાજના મુખ્ય પ્રવાહમાં સન્માનભેર જોડાઈ શકે.

**મેળામાં જોવા મળશે ગ્રામીણ કળા, લોકસંસ્કૃતિનો મહાસંગમ**

# આજથી ૩ દિવસીય તરણેતરનો મેળો જમાવશે રંગત

## સાંસ્કૃતિક મહાકુંભઃ વાદન, ગાયન, લોકનૃત્ય, છત્રી સજાવટ અને વેશભૂષા સહિત ૨૫ પ્રાચીન-પરંપરાગત સ્પર્ધાઓનું આયોજન

રાજકોટ, તા.૧૩

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનર શ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરના નિર્દેશાનુસાર જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા વિશ્વવિખ્યાત તરણેતરના મેળામાં આ વર્ષે પણ પરંપરાગત ગ્રામીણ સાંસ્કૃતિક સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ત્રણ દિવસીય સાંસ્કૃતિક મહાકુંભ દરમિયાન કુલ ૨૫ જેટલી વિવિધ પરંપરાગત સ્પર્ધાઓ યોજાશે. મેળાના પ્રથમ દિવસે, આજે ૧૪મીએ વિવિધ વાદન સ્પર્ધાઓ યોજાશે; જેમાં રાવણહથ્થો, ઢોલ, વાંસળી, મોરલી, ડાક-ડમરૂ, શરણાઈ, શંખ, ઝાંઝ-મંજીરા અને કરતાલ જેવા પ્રાચીન વાજિંત્રોનો સમાવેશ થાય છે. બીજા દિવસે ગાયન અને લોકકળા સ્પર્ધાઓ યોજાશે; જેમાં લોકગીત, ભજન, દુહા-છંદ, લાકડી ફેરવવી, ભવાઈ, બહુરુપી કળા તથા પરંપરાગત ભરત-ગૂંથણ સ્પર્ધાનો સમાવેશ થાય છે. જ્યારે ત્રીજા અને અંતિમ દિવસે નૃત્ય તેમજ વેશભૂષા આધારિત સ્પર્ધાઓ યોજાશે; જેમાં રાસ, હુડો, લોકનૃત્ય, છત્રી સજાવટ, એકલ નૃત્ય (સોલો ડાન્સ) તેમજ ભાઈઓ અને બહેનો માટેની પરંપરાગત વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવશે.



સ્પર્ધાઓના મૂલ્યાંકન અને પુરસ્કારની વિગતો આપતાં યુવા વિકાસ અધિકારી શ્રી ભરતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આ તમામ ૨૫ સ્પર્ધાઓ પૈકી ૨૩ સ્પર્ધાઓ મુખ્ય સ્ટેજ પર યોજાશે, જ્યારે ૨ સ્પર્ધાઓ એટલે કે 'શ્રેષ્ઠ ખેલૈયા' અને 'શ્રેષ્ઠ રાવટી'ની નિર્ણય પ્રક્રિયા તજજ્ઞો દ્વારા મેળાના સ્થળ પર પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને કરવામાં આવશે. આ તમામ સ્પર્ધાઓના વિજેતા કલાકારોને રાજ્ય સરકાર તરફથી પ્રમાણપત્ર, શીલ્ડ અને રોકડ પુરસ્કાર આપીને પુરસ્કૃત કરવામાં આવશે. આ ઉપરાંત, વિજેતા કલાકારોને રાત્રિના સમયે આયોજિત થતાં મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોના મંચ પર રાજ્યના નામાંકિત કલાકારો સાથે પોતાની કળા પ્રદર્શિત કરવાનો સુવર્ણ અવસર પણ પૂરો પાડવામાં આવશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, રાવણહથ્થો, શરણાઈ, ઢોલ વાદકો અને રાસ મંડળીઓ જેવા ગ્રામીણ કલાકારો કે જેઓ આપણી વિસરાતી જતી પ્રાચીન લોકસંસ્કૃતિને સાચવી રહ્યા છે, તેમને ત્રણ દિવસ સુધી મેળામાં રાખીને પોતાની કળાનું પ્રદર્શન કરવાની સંપૂર્ણ તક પૂરી પાડવામાં આવશે. આનાથી મેળામાં આવતા સામાન્ય નાગરિકો અને પ્રવાસીઓને આપણી ઐતિહાસિક લોકસંસ્કૃતિ તથા ગ્રામીણ કળાઓ નિહાળવાનો રોમાંચક લહાવો મળશે. નાનામાં નાના ગ્રામીણ કલાકારોને પ્રોત્સાહિત કરીને આપણી પૌરાણિક સંસ્કૃતિનું સંવર્ધન કરવું એ જ સરકારનો મુખ્ય હેતુ છે.

ગત વર્ષના પ્રતિસાદ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ગત વર્ષે આ સ્પર્ધાઓમાં આશરે ૫૫૦ થી ૬૦૦ જેટલી એન્ટ્રીઓ મળી હતી. જ્યારે આ વર્ષે કલાકારો અને ખેલૈયાઓ તરફથી મળી રહેલા અદ્ભુત ઉત્સાહ અને સકારાત્મક પ્રતિસાદને જોતાં ૭૦૦ થી ૮૦૦ કે તેથી પણ વધુ એન્ટ્રીઓ થવાની પૂર્ણ શક્યતા છે. કલારસિકો અને સ્પર્ધકોના આ ભવ્ય પ્રતિસાદને કારણે આ વખતનો તરણેતરનો મેળો કળા અને લોકસંસ્કૃતિના સંગમ સાથે અત્યંત યાદગાર અને રોચક બની રહેશે.

## ડિજિટલ એરેસ્ટના નામે તોડપાણીનો દાવ પડ્યો ઉંધો

# અધિકારીએ વૃદ્ધ દંપતી પાસે માંગ્યા ૨૫ લાખ

### કાલાવડ રોડ પર રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધને મધરાતે વિડીયો કોલ કરી ૪ કલાક બંધક બનાવ્યા, હિંમતભેર ૧૧૨ નંબર પર પોલીસની મદદ માંગતા લાખો રૂપિયાનું ફ્રોડ અટક્યું



રાજકોટ, તા.૧૩

રાજકોટ શહેરમાં સાયબર ક્રાઈમનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં સાયબર ગઠિયાઓએ એક વૃદ્ધ દંપતીને 'ડિજિટલ એરેસ્ટ' કરી ૨૫ લાખ રૂપિયા પડાવવાનો કારસો રચ્યો હતો. જોકે, વૃદ્ધની સમયસૂચકતા અને રાજકોટ પોલીસની ત્વરિત કામગીરીને કારણે લાખો રૂપિયાનું ફ્રોડ થતું અટકી ગયું હતું. ગઠિયાઓએ મધરાતે ફોન કરીને પોતાને ઝછઅઈ (ટ્રાઈ) અને ઊઉ (ઈડી) ના અધિકારી ગણાવી દંપતીને ડરાવ્યા હતા.

કાલાવડ રોડ પર રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધને રાત્રે ૨:૪૬ વાગ્યે એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. સામેવાળી વ્યક્તિએ પોતાની ઓળખ ઝછઅઈ ના અધિકારી 'પ્રીતિ વર્મા' તરીકે આપી હતી. થોડી વાતચીત બાદ ફોન તેના ઉપરી અધિકારીને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ બીજા નંબર પરથી વિડીયો કોલ કરવામાં આવ્યો હતો. વિડીયો કોલમાં સામેવાળી વ્યક્તિનો ચહેરો દેખાતો ન હતો, પરંતુ તેણે દંપતીને બાજુ-બાજુમાં ખુરશી પર બેસી જવા આદેશ આપ્યો હતો. ગઠિયાઓએ વૃદ્ધનું આધાર કાર્ડ ચેક કર્યા બાદ ડરાવતા કહ્યું હતું કે, તમારા આધાર કાર્ડના ઉપયોગથી ખોલેલા બેંક એકાઉન્ટમાં ૨ કરોડ રૂપિયાનું ફ્રોડ ટ્રાન્ઝેક્શન થયું છે, જેમાંથી ૨૫ લાખ રૂપિયા તમારા ખાતામાં ટ્રાન્સફર થયા છે. આ એક મોટો કેસ છે તેમ કહી દંપતીને ૩ થી ૯ દિવસ સુધી સર્વેલન્સમાં રાખવાની ધમકી આપી હતી.

વૃદ્ધ દંપતીને ડરાવવા માટે ગઠિયાઓએ વિડીયો કોલ દરમિયાન ''ગાડીમાંથી મારી રિવોલ્વર લઇ આવ'' તેવા શબ્દોનો પ્રયોગ કર્યો હતો અને કહ્યું હતું કે ''હવે તમે ડિજિટલ એરેસ્ટ છો.'' ઘરના દરવાજા લોક કરી દેવા, ફોન ચાર્જિંગમાં રાખીને વિડીયો કોલ સતત ચાલુ રાખવો અને કોઈ કામવાળાને પણ ઘરમાં પ્રવેશ ન આપવાની કડક સૂચના આપી હતી. આ ઉપરાંત, મુંબઈ લઈ જવાની અને પલંગ કે પંખા વગરની જેલમાં નાખી દેવાની ધમકી આપી, છુટકારો મેળવવા માટે ખાતામાં આવેલા ૨૫ લાખ રૂપિયા આપી દેવા દબાણ શરૂ કર્યું હતું.

સતત ચાર કલાક સુધી ડિજિટલ એરેસ્ટ રહ્યા બાદ અચાનક વૃદ્ધે હિંમત એકઠી કરી ૧૧૨ નંબર પર પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી. કંટ્રોલ રૂમ દ્વારા સાયબર ક્રાઇમ પોલીસને મેસેજ મળતા જ પી.આઈ. એમ.ડી. ગઢવી અને તેમની ટીમ તાત્કાલિક વૃદ્ધ દંપતીના ઘરે પહોંચી ગઈ હતી. પોલીસે દંપતીને સાંત્વના આપી સમજાવ્યું હતું કે કાયદામાં 'ડિજિટલ એરેસ્ટ' જેવી કોઈ જોગવાઈ જ નથી અને આ માત્ર એક સાયબર સ્કેમ છે. પોલીસની સમજાવટ બાદ દંપતી ભયમુક્ત બન્યું હતું અને તેમની સાથે થનારું ૨૫ લાખ રૂપિયાનું ફ્રોડ અટકી ગયું હતું. પોલીસે આ ઘટના અંગે માહિતી મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને સિનિયર સિટીઝનોને અપીલ કરી છે કે આવા અજાણ્યા કોલ કે વિડીયો કોલથી ડરવું નહીં અને તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો.

### લોન પાસ કરાવવાના બહાને રોકડા ૪૦.૧૬ લાખ પડાવ્યા

# ખેડૂત સાથે ૪૦ લાખની છેતરપિંડી ટ્રેક્ટર શો-રૂમના એજન્ટ સામે ગુનો

### કમિશનના નામે કોરા ચેક લઈ વડોદરા કોર્ટમાં કેસ કરી ખેડૂતને ફસાવ્યો

રાજકોટ, તા.૧૩

રાજકોટમાં એક અભણ ખેડૂતને તબેલા માટેની લોન પર ૬૫ ટકા સરકારી સબસિડી અપાવવાની લાલચ આપીને ટ્રેક્ટર શો-રૂમના એજન્ટે રૂ. ૪૦.૧૬ લાખની જંગી છેતરપિંડી આચરી હોવાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. ભેજાબાજ એજન્ટે લોન મંજૂર થઈ ગયાનું કહી કમિશન પેટે રૂ. ૯ લાખ પડાવવા પ્રોમિસરી નોટ લખાવી ખેડૂતના ચેક બાઉન્સ કરાવી વડોદરા કોર્ટમાં કેસ પણ કરી દીધો હતો. આ મામલે ભોગ બનનાર ખેડૂતે એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત મુજબ, કુવાડવા હાઈવે પર બેટી (રામપરા) ગામમાં રહેતા ૬૦ વર્ષીય ખેડૂત દેવરાજભાઈ પોપટભાઈ ભલગામડિયાએ પોતાની વારસાઈ જમીન વેચી વાંકાનેરમાં જમીન ખરીદી હતી. આમાંથી બચત થયેલી રકમમાંથી ટ્રેક્ટર ખરીદવા માટે તેઓ મોરબી રોડ ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલ મહિન્દ્રા શો-રૂમ 'શ્રી હરિ ટ્રેક્ટર્સ' ખાતે ગયા હતા. ત્યાં તેમની મુલાકાત એજન્ટ તરીકે કામ કરતા મૂળ વડોદરાના અને હાલ આજી ડેમ પાસે માનસરોવર પાર્ક નજીક રહેતા ભાવેશ છબીલદાસ સરૈયા સાથે થઈ હતી. ભાવેશે પોતે લોનનું કામ કરતો હોવાની ઓળખ આપી દેવરાજભાઈને વિશ્વાસમાં લીધા હતા અને તેમના ઘરે જઈને ''હું તબેલા માટે રૂ. ૨ કરોડની લોન ૬૫% સબસિડી સાથે કરાવી આપીશ'' તેવી લાલચ આપી હતી. તેણે દેવરાજભાઈ, તેમના પુત્ર માવજીભાઈ તથા ભાણેજ રાયધનભાઈ રાઠોડના નામે કુલ ત્રણ લોન કરાવવાનું કહી, એક ફાઈલ દીઠ ડિપોઝિટ પેટે રૂ. ૧૩.૪૦ લાખ લેખે કુલ રૂ. ૪૦,૧૬,૦૦૦ રોકડા પડાવી લીધા હતા. શરૂઆતમાં વિશ્વાસ કેળવવા ભાવેશે પોતાના બેંક ઓફ બરોડાના ચેક ખેડૂતને સિક્યોરિટી પેટે આપ્યા હતા.




બે મહિના બાદ આરોપી ભાવેશે ખેડૂત પાસે જઈને કહ્યું કે, 'તમારી ત્રણેય લોન મંજૂર થઈ ગઈ છે', તેમ કહી પોતાના આપેલા સિક્યોરિટી ચેક પરત લઈ લીધા હતા. ત્યારબાદ નક્કી થયા મુજબ એક લોન પાસ કરાવવાના ચાર્જ પેટે રૂ. ૩ લાખ લેખે કુલ રૂ. ૯ લાખનું કમિશન આપવું પડશે તેમ કહી અભણ દેવરાજભાઈ અને ધોરણ-૭ ભણેલા તેમના પુત્રને જૂની કોર્ટ પાસે લઈ જઈ લખાણ પર સહીઓ કરાવી લીધી હતી અને તેમની પાસેથી સહીવાળા કોરા ચેક પણ મેળવી લીધા હતા.

લાંબો સમય વીતવા છતાં ખાતામાં લોનના પૈસા જમા ન થતાં ખેડૂતે પૂછપરછ શરૂ કરી હતી. આ દરમિયાન ખેડૂતના ઘરે ટપાલ મારફતે વકીલની નોટિસ આવતા પરિવાર ચોંકી ઉઠ્યો હતો. વકીલની સલાહ લેતાં માલૂમ પડ્યું કે, આરોપીએ લખાણમાં જો રૂ. ૯ લાખ ન ચૂકવે તો 'જમીન લખી આપવી પડશે' તેવી શરત છેતરપિંડીથી દાખલ કરી હતી. એટલું જ નહીં, ખેડૂત પાસેથી પડાવેલા કોરા ચેક વડોદરા ખાતે ડિપોઝિટ કરી બાઉન્સ કરાવી પિતા-પુત્ર સામે કેસ પણ દાખલ કરી દીધો હતો. સમગ્ર કાવતરાનો ભોગ બન્યાનું જણાતાં આખરે દેવરાજભાઈએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ભાવેશ છબીલદાસ સરૈયા સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી પી.એસ.આઇ. એસ.એસ. જાડેજાએ વધુ તપાસ હાથ ધરી છે.

# પૈસાની ઉઘરાણી કરતા વેપારી પર હુમલો

### ૫૦ જેટલા ટાંકા આવ્યા : મંડળીની સ્કીમમાં ફસાયેલા રૂપિયા પરત માંગતા ઉશ્કેરાયેલા સંજય વાઘેલાએ રસ્તામાં આંતરીને છરીના આડેધડ ઘા ઝીંક્યા

રાજકોટ, તા..૧૩

રાજકોટમાં પૈસાની લેતી-દેતીમાં એક વેપારી પર જીવલેણ હુમલો થયાની ઘટના માલવીયાનગર પોલીસ મથકમાં નોંધાઈ છે. મંડળીની સ્કીમમાં ફસાયેલા પોતાના ૧૮,૦૦૦ પરત માંગવા જતાં વેપારીને રસ્તામાં આંતરીને છરીના આડેધડ ઘા ઝીંકી દેવામાં આવ્યા હતા. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ વેપારીને શરીર પર ૫૦ જેટલા ટાંકા લેવા પડ્યા છે.

લક્ષ્મીવાડી મેઈન રોડ પર ક્વાર્ટર નંબર ૫૭ માં રહેતા અને ગુરુપ્રસાદ ચોક ખાતે 'રૂચિતા સેલ્સ એજન્સી' નામની કોસ્મેટિકની દુકાન ચલાવતા ૪૬ વર્ષીય પરેશભાઈ સુરસીંગભાઇ ડોડીયાએ મધુરમ હોસ્પિટલના બિછાનેથી સંજય વાઘેલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આજથી સાતેક વર્ષ પહેલાં પાડોશમાં રહેતો સંજય વાઘેલા કોઈ મંડળીની સ્કીમ ચલાવતો હતો, જેમાં પરેશભાઈએ ખાતું ખોલાવ્યું હતું અને દર મહિને રૂ. ૪૦૦ જમા કરાવતા હતા. ત્રણેક વર્ષ પહેલાં આ સ્કીમ બંધ થઈ ગઈ હતી, જેમાં પરેશભાઈના આશરે રૂ. ૧૮,૦૦૦ સલવાયા હતા.




દોઢેક વર્ષ પહેલાં સૂર્યકાંત હોટેલ પાસે પરેશભાઈએ સંજય પાસે પોતાના રૂપિયાની ઉઘરાણી કરતા તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો. ત્યારબાદ દોઢેક મહિના પહેલાં પણ સંજય તેમની દુકાન પાસેની પાન ફાકીની દુકાને આવ્યો ત્યારે પૈસા માંગતા તેણે ગાળાગાળી કરી મારવાની ધમકી આપી હતી. આ બાબતનો ખાર રાખીને ગત ૧૩ સપ્ટેમ્બરના રોજ બપોરે સવા એક વાગ્યે પરેશભાઈ દુકાન બંધ કરી પોતાના ઘરે જઈ રહ્યા હતા. ગોંડલ રોડ પર મામલતદાર કચેરીથી થોડે દૂર પહોંચતા સંજયએ પોતાનું બાઇક તેમની આગળ ઉભું રાખી દીધું હતું.

સંજયએ નીચે ઉતરીને ગાળાગાળી શરૂ કરી હતી અને પોતાની પાસે રહેલી છરી વડે પરેશભાઈ પર આડેધડ હુમલો કર્યો હતો. હુમલો કર્યા બાદ તે નાસી છૂટ્યો હતો. લોહીલુહાણ હાલતમાં પરેશભાઈ ઘરે પહોંચતા તેમના પુત્ર અને પુત્રીએ તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હુમલામાં પરેશભાઈને પેટ, ડાબા પડખા, કોણી, પીઠ, ડાબા હાથની ટચલી આંગળી અને જમણા હાથ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમને ૫૦ જેટલા ટાંકા આવ્યા હતા. માલવીયાનગર પોલીસે સંજય વાઘેલા વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. પી.એસ.આઈ. જે.જે. ગોહિલે હુમલાખોરની શોધખોળ ઓઆદારી છે.

# એઈમ્સમાં અત્યાધુનિક સારવાર શરૂ, કાલે લોકાર્પણ

### સૌરાષ્ટ્રના કેન્સરગ્રસ્ત દર્દીઓને મોટી રાહત : મામૂલી દરે નિદાન અને સર્જરી થશે, કાલે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાના હસ્તે ઈ-લોકાર્પણ










રાજકોટ, તા.૧૩

સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં વધી રહેલા કેન્સરના કેસો વચ્ચે રાજકોટ એઈમ્સ ખાતે દર્દીઓ માટે મોટા રાહતના સમાચાર આવ્યા છે. એઈમ્સ હોસ્પિટલમાં છેલ્લા બે મહિનાથી પ્રાથમિક ધોરણે ચાલી રહેલા અદ્યતન કેન્સર કેર ફેસિલિટી સેન્ટરનું કાલે ૧૫મીએ રોજ કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવશે. આ સેન્ટર સંપૂર્ણ કાર્યરત થતાં હવે સૌરાષ્ટ્રના દર્દીઓને સર્જરી, કીમોથેરાપી અને રેડિયોથેરાપી સહિતની તમામ જટિલ સારવાર એક જ છત નીચે મળશે. ખાસ કરીને આયુષ્માન ભારત યોજના હેઠળ ગરીબ દર્દીઓને અહીં સંપૂર્ણ નિઃશુલ્ક સારવાર અપાશે, જ્યારે સામાન્ય દર્દીઓ માટે ખાનગી હોસ્પિટલોના લાખો રૂપિયાના તોતિંગ ખર્ચની સામે સાવ મામૂલી દરે નિદાન અને સર્જરીની સુવિધા ઉપલબ્ધ બનશે.

ગુજરાતમાં કેન્સરનું પ્રમાણ ચિંતાજનક હદે વધી રહ્યું છે, જેમાં ખાસ કરીને પુરુષોમાં મોઢા અને ગળાનું તેમજ મહિલાઓમાં બ્રેસ્ટ તથા સર્વાઇકલ કેન્સર મુખ્ય છે. આંકડાકીય વિગતો મુજબ વર્ષ ૨૦૨૦માં રાજ્યમાં ૬૯,૬૬૦ કેસ નોંધાયા હતા, જે વર્ષ ૨૦૨૪માં વધીને ૯૯,૨૧૭ પર પહોંચ્યા છે. માત્ર પાંચ વર્ષના ટૂંકા ગાળામાં કેન્સરના કેસોમાં ૯,૫૫૭ એટલે કે ૧૩.૭ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ૨૦૨૪ના કુલ કેસોમાં ૩૮,૦૯૯ પુરુષો અને ૬૧,૧૧૮ મહિલાઓનો સમાવેશ થાય છે. અગાઉ સૌરાષ્ટ્રના દર્દીઓએ કીમોથેરાપી કે સર્જરી કરાવ્યા બાદ રેડિયેશન સારવાર મેળવવા માટે છેક અમદાવાદ કે અન્ય મોટા શહેરો સુધી લાંબા ધક્કા ખાવા પડતા હતા. પરંતુ હવે રાજકોટ એઈમ્સમાં જ સંપૂર્ણ સુવિધા ઘરઆંગણે મળતા દર્દીઓ અને તેમના પરિવારજનોની હેરાનગતિનો કાયમી અંત આવશે.

રાજકોટ એઈમ્સ ખાતે કેન્સરની અત્યાધુનિક સારવાર માટે કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ ઇન એઈડ હેઠળ રૂ. ૩૯ કરોડના માતબર ખર્ચે એડવાન્સ્ડ રેડિયોથેરાપી સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. અહીં હવે હાઇ-એનર્જી લિનિયર એક્સિલરેટર, સીટી સિમ્યુલેશન અને એચડીઆર બ્રેકિથેરાપી જેવી વૈશ્વિક સ્તરની સુવિધાઓ પૂર્ણપણે કાર્યરત કરી દેવાઇ છે. આ નવીનતમ તબીબી પદ્ધતિઓની મદદથી કેન્સરની ગાંઠને અત્યંત ચોકસાઈથી નિશાન બનાવી શકાશે. જેથી આસપાસના તંદુરસ્ત અંગોને નહિવત નુકસાન પહોંચશે અને દર્દીઓ સર્જરી બાદ ઝડપથી સ્વસ્થ થઈ શકશે. આર્થિક દ્રષ્ટિએ પણ આ નવું સેન્ટર સૌરાષ્ટ્રના સામાન્ય અને મધ્યમવર્ગીય દર્દીઓ માટે મોટો આશીર્વાદ સાબિત થશે.

એઈમ્સના સુત્રોના ખાનગી હોસ્પિટલોમાં કેન્સરના નિદાન અને પ્રાથમિક સારવાર પાછળ જ રૂ. ૧.૫ થી ૨ લાખનો જંગી ખર્ચ થઈ જાય છે, તે અહીં માત્ર રૂ. ૭૫૦માં થશે. આ ઉપરાંત ખાનગીમાં રૂ. ૪ થી ૫ લાખના ખર્ચે થતી સંકળાયેલી જટિલ સર્જરી અને કેર એઈમ્સમાં માત્ર રૂ. ૭૦ હજાર સુધીના નજીવા ખર્ચમાં ઉપલબ્ધ બનશે. એઈમ્સના કેન્સર નિષ્ણાત તબીબે જણાવ્યું હતું કે, અહીં દર્દીઓ માટે મલ્ટિ-ડિસિપ્લિનરી એટલે કે વિવિધ વિભાગોના નિષ્ણાતોની સંકલિત ટીમ દ્વારા સારવાર અપાશે. જેમાં જનરલ સર્જરી, ગાયનેકોલોજી, ઈએનટી, ઓર્થોપેડિક્સ, મેડિકલ ઓન્કોલોજી અને રેડિયેશન ઓન્કોલોજી વિભાગના તજજ્ઞો સાથે મળીને કામ કરશે. આ વ્યવસ્થા હેઠળ હેડ-એન્ડ-નેક, સ્તન, જઠરાંતરિય, સ્ત્રીરોગ, યુરોલોજિકલ તેમજ હાડકાના કેન્સર સહિતની તમામ ગંભીર બીમારીની સર્જરી રાજકોટમાં જ સરળતાથી શક્ય બનશે. વધુમાં, તબીબી તજજ્ઞો દ્વારા માત્ર સારવાર જ નહીં, પરંતુ કેન્સર પ્રિવેન્શન અને તેના રિસર્ચ પર પણ વિશેષ કામગીરી કરવામાં આવશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# સમીકરણો ઉખલપાથલ

## માથા ફરેલા ડોનાલ્ડ ટ્રમ્પનું માથું સીધું કરવા પ્રયાસ




દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલું ૧૮મું બ્રિક્સ સંમેલન દુનિયાભરના તમામ મીડિયાની મુખ્ય હેડલાઈન્સ બની રહ્યું છે. વિશ્વની આશરે ૪૫ ટકા વસ્તીનું પ્રતિનિધિત્વ કરતા ૨૧ દેશોના વડાઓ તેમજ ટોચના પ્રતિનિધિઓનો આ ભવ્ય મેળાવડો વૈશ્વિક રાજકારણમાં અને વ્યાપાર ક્ષેત્રે એક નવો અને મોટો વળાંક સાબિત થઈ રહ્યો છે. આ સંમેલન દરમિયાન ભારત, રશિયા અને ચીનના વડાઓ સંપૂર્ણપણે છવાયેલા રહ્યા હતા.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગનું એક મંચ પર આવવું એ વિશ્વના રાજકીય અને આર્થિક શક્તિ સંતુલનને ઝડપથી બદલી રહ્યું છે. આ ત્રણ મહાસત્તાઓ જ્યારે એકસાથે મંચ પર આવે છે ત્યારે વૈશ્વિક સમીકરણોમાં મોટી ઉથલપાથલ સર્જાવી એકદમ સ્વાભાવિક છે. જો કે, ભૂતકાળના અનુભવોને ધ્યાનમાં રાખતાં ચીન પર કેટલો ભરોસો કરવો એ ભારત અને અન્ય દેશો માટે હજુ પણ એક મોટો પ્રશ્ન બની રહે છે.

લેટેસ્ટ સમાચારો મુજબ, આ સંમેલનમાં તમામ દેશોની સર્વસંમતિથી 'નવી દિલ્હી ઘોષણાપત્ર' અપનાવવામાં આવ્યું છે. આ ઘોષણાપત્રમાં એકતરફી આર્થિક પ્રતિબંધો, ટેરિફ યુદ્ધ અને સરહદ પારના આતંકવાદ સામે અત્યંત સખત વલણ અપનાવવામાં આવ્યું છે. સમગ્ર વિશ્વ વ્યાપારમાં બ્રિક્સ દેશો હવે ચાવીરૂપ ભૂમિકા ભજવી રહ્યા છે. સંમેલન દરમિયાન સ્થાનિક ચલણોમાં પરસ્પર વેપાર વધારવા અને પોતાની સ્વતંત્ર ચૂકવણી પ્રણાલી ઇછ્ઈઈજ ઙ્ફુ ને વધુ મજબૂત કરવા પર વિશેષ ભાર મુકાયો છે. આ ચોક્કસ પગલાંથી આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકી ડોલરનો એકહથ્થુ પ્રભાવ નોંધપાત્ર રીતે ઘટી શકે છે.

બીજી તરફ, અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના શાસન અને તેમની આક્રમક ટેરિફ નીતિઓ અત્યારે દુનિયાભરના દેશોને ભારે પરેશાન કરી રહી છે. પરંતુ નવી દિલ્હીમાં યોજાયેલા બ્રિક્સ સંમેલને અભૂતપૂર્વ આર્થિક એકતા દર્શાવીને અમેરિકા અને માથા ફરેલા ટ્રમ્પની મનસ્વી નીતિઓને અત્યંત આકરો સ્પષ્ટ સંદેશ આપી દીધો છે.

બ્રિક્સ દેશો વચ્ચે વેપાર અનુકૂળતા, ટેરિફમાં મુક્તિ અને આર્થિક સહયોગ વધશે તો ભારત માટે આંતરરાષ્ટ્રીય સ્તરે વિકાસના નવા વિશાળ દ્વાર ખુલશે. આર્થિક દ્રષ્ટિએ સમૃદ્ધ એવા ગુજરાત જેવા ઔદ્યોગિક અને ઉત્પાદક રાજ્યને આ વૈશ્વિક કરારોની સીધી અને મોટી સકારાત્મક અસર થશે. ગુજરાતના પ્રખ્યાત કાપડ, કેમિકલ, ફાર્માસ્યુટિકલ્સ અને એન્જિનિયરિંગ ઉદ્યોગો માટે વિશ્વભરમાં નવા નિકાસ બજારો સરળતાથી ખુલશે. એકંદરે, આ બ્રિક્સ સંમેલન વૈશ્વિક અર્થતંત્રમાં અમેરિકાનું વર્ચસ્વ ઘટાડીને એક નવું સંતુલિત અને બહુધ્રુવીય વિશ્વ બનાવવાની દિશામાં એક અત્યંત મજબૂત અને ઐતિહાસિક પગલું સાબિત થઇ શકે છે.

# ચૂંટણીમાં ડીપફેક વીડિયો ફેલાવશો તો કાર્યવાહી : EC

## પંચે તમામ રાજકીય પક્ષોને સોશિયલ મીડિયા પર આવી સામગ્રી ૩ કલાકમાં હટાવવાનો આદેશ

નવી દિલ્હી, તા.૧૩

ચૂંટણી પંચે ડીપફેક વીડિયો અને ખોટી માહિતીના પ્રસારને રોકવા કડક વલણ અપનાવ્યું છે. પંચે તમામ રાજકીય પક્ષોને સોશિયલ મીડિયા પર આવી સામગ્રી ૩ કલાકમાં હટાવવાનો આદેશ આપ્યો છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના કથિત ડીપફેક વીડિયોની ફરિયાદ બાદ આ કાર્યવાહી કરાઈ છે. નિયમભંગ કરનારા સામે કડક કાનૂની કાર્યવાહી કરાશે.

સોશિયલ મીડિયા પર ચૂંટણી પ્રચાર દરમિયાન નકલી વીડિયો અને ડીપફેકના વધતા દુરુપયોગ સામે ચૂંટણી પંચે કડક વલણ અપનાવ્યું છે. ચૂંટણી પંચે તમામ રાજકીય પક્ષોને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે સોશિયલ મીડિયા પર આવી કોઈ પણ ગેરમાર્ગે દોરતી કે ખોટી સામગ્રી ધ્યાને આવે તો તેને ૩ કલાકની અંદર હટાવી લેવી પડશે. પંચે પક્ષોને સોશિયલ મીડિયાનો ઉપયોગ પૂરી જવાબદારી સાથે કરવાની ચેતવણી પણ આપી છે.આજના સમયમાં આધુનિક ટેક્નોલોજીની મદદથી કોઈ પણ નેતાનો ચહેરો કે અવાજ બદલીને એકદમ સાચો લાગે તેવો નકલી વીડિયો તૈયાર કરી શકાય છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે આવા ડીપફેક વીડિયો અને ખોટી માહિતીથી ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા જોખમાય છે. તેથી રાજકીય પક્ષોએ મતદારોને ગેરમાર્ગે દોરતી સામગ્રી ફેલાવવાથી દૂર રહેવું પડશે.

આ કડક કાર્યવાહી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના એક કથિત ડીપફેક વીડિયો મામલે મળેલી ફરિયાદ બાદ સામે આવી છે. વકીલ રીના એન. સિંહે ચૂંટણી પંચ સમક્ષ આ વીડિયોના પ્રસારણ પર રોક લગાવવા અરજી કરી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે લોકશાહીમાં રાજકીય આલોચના સ્વીકાર્ય છે, પરંતુ એઆઈ



(AI) ટેક્નોલોજી દ્વારા નેતાઓની એવી ખોટી છબી ઊભી કરવી ગુનો છે જે તેમણે વાસ્તવમાં ક્યારેય કરી જ ન હોય.ચૂંટણી પંચ સમક્ષ થયેલી ફરિયાદમાં એ વાતની પણ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે કે આ વિવાદિત વીડિયો ક્યાંથી આવ્યો, કોણે બનાવ્યો અને તેને કઈ રીતે વાયરલ કરવામાં આવ્યો. સાથે જ આ મામલે ડિજિટલ પુરાવા સુરક્ષિત રાખવા, સંબંધિત લોકો પાસેથી ખુલાસો માંગવા અને પ્રાથમિક દ્રષ્ટિએ નિયમોનો ભંગ જણાય તો નોટિસ પાઠવવાની રજૂઆત પણ કરવામાં આવી છે.

ચૂંટણી પંચે રાજકીય પક્ષોને યાદ અપાવ્યું છે કે દેશમાં આઈટી એક્ટ ૨૦૦૦, આઈટી નિયમો ૨૦૨૧, લોકપ્રતિનિધિત્વ ધારો અને આદર્શ આચારસંહિતા જેવા કડક કાયદાઓ પહેલેથી જ અમલમાં છે. પંચે ચેતવણી આપી છે કે કોઈ પણ પક્ષે ડીપફેક ઓડિયો કે વીડિયો બનાવવા, પોસ્ટ કરવા કે શેર કરવા નહીં. જો કોઈ ફેક એકાઉન્ટ કે ગેરકાયદે પોસ્ટ ધ્યાને આવે તો પ્લેટફોર્મને તાત્કાલિક ફરિયાદ કરવી અને ૩ કલાકમાં તેને હટાવવી પડશે. ચૂંટણી પ્રચાર દરમિયાન માત્ર નકલી વીડિયો જ નહીં, પરંતુ કોઈનું અપમાન કરતી પોસ્ટ મૂકવા પર પણ પંચે સંપૂર્ણ રોક લગાવી છે. આ ઉપરાંત ચૂંટણી પ્રચારમાં બાળકોનો ઉપયોગ કરવા પર તેમજ પ્રાણીઓ પ્રત્યે હિંસા કે ક્રૂરતા દર્શાવતી સામગ્રી શેર કરવા પર સખત મનાઈ ફરમાવવામાં આવી છે. ચૂંટણી પંચનો મુખ્ય હેતુ તમામ પક્ષો માટે ચૂંટણીનું વાતાવરણ નિષ્પક્ષ અને સમાન રાખવાનો છે.

### જિનપિંગે ભારતને કહ્યું થેન્ક્યુ

# UN-WTOમાં સુધારાની માંગ, ટ્રમ્પને પણ આપ્યો કડક મેસેજ

નવી દિલ્હી, તા.૧૩

ભારતમાં આયોજિત BRICS સમિટ દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનતા બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે ગ્લોબલ સાઉથની ભૂમિકા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે અમેરિકા તરફ ઈશારો કરતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, કોઈ દેશ શક્તિશાળી હોવાનો અર્થ એ નથી કે તે હંમેશા સાચો જ હોય, અને આવી વિચારસરણી હવે લાંબો સમય નહીં ચાલે. વિશ્વમાં સદીઓ પછી મોટા બદલાવો આવી રહ્યા છે અને વિકાસશીલ દેશો હવે વિશ્વ વ્યવસ્થામાં એક મોટી શક્તિ બનીને ઉભરી રહ્યા છે, ત્યારે બ્રિક્સ દેશોએ સાથે મળીને વૈશ્વિક સ્થિરતા માટે આગળ આવવું જોઈએ.

ચીની રાષ્ટ્રપતિએ ટ્રાફિકનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે, નિયમો વગરનું વિશ્વ એ ટ્રાફિક લાઈટ વગરના ચાર રસ્તા જેવું છે, જ્યાં અંધાધૂંધી સર્જાય છે. આંતરરાષ્ટ્રીય નિયમો તમામ દેશોએ સાથે મળીને ઘડવા જોઈએ. વૈશ્વિક કાયદા તમામ દેશો માટે એકસરખા લાગુ પડવા જોઈએ અને તેમાં કોઈ પણ પ્રકારના બેવડા માપદંડ હોવા જોઈએ નહીં. કોઈપણ દેશનું કદ, સૈન્ય તાકાત કે સંપત્તિ ભલે ગમે તેટલી



હોય, તમામ દેશો સમાન ગણાવા જોઈએ. સંયુક્ત રાષ્ટ્રની ભૂમિકા વધુ મજબૂત બનાવવાની જરૂર છે અને વૈશ્વિક બાબતોમાં દરેક દેશને સમાન ભાગીદારી મળવી જોઈએ. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) માં સુધારાની સાથે વૈશ્વિક નાણાકીય માળખામાં વિકાસશીલ દેશોના અવાજને મહત્વ આપવું ખૂબ જ જરૂરી છે.

આધુનિક યુગમાં નવી ટેક્નોલોજી સૌના વિકાસ અને સમૃદ્ધિનું માધ્યમ બનવી જોઈએ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વિકાસ લોકોના કલ્યાણ માટે થવો જરૂરી છે. બ્રિક્સ દેશો વચ્ચે એઆઈ ક્ષેત્રે સહયોગ વધારવા, ઓપન-સોર્સ કમ્યુનિટી ઊભી કરવા, લાર્જ લેંગ્વેજ મોડલ વિકસાવવા તેમજ આ વિષય પર વિશેષ ટ્રેનિંગ અને સેમિનાર યોજવા માટે પહેલ કરવામાં આવી છે. આ ઉપરાંત, બ્રિક્સ દેશો વચ્ચે સહકાર મજબૂત કરવા માટે ચીન દ્વારા ૫ મહત્વના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરતી પહેલ પણ રજૂ કરવામાં આવી છે. જેમાં ઓપન-સોર્સ એઆઈ, વેપાર અને રોકાણને સરળ બનાવવું, ડિજિટલ ઈન્ડસ્ટ્રીમાં સહયોગ, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ અને વિજ્ઞાન-ટેક્નોલોજી ક્ષેત્રે પ્રતિભા વિકાસનો સમાવેશ થાય છે. સાથોસાથ સ્માર્ટ ફેક્ટરી નિર્માણ, ડિજિટલ સ્કીલ ટ્રેનિંગ અને કુશળ એન્જિનિયર્સ તૈયાર કરવા માટે સભ્ય દેશો સાથે મળીને કાર્ય કરવાની યોજના પણ રજૂ કરાઈ છે

### મલેશિયાના વડાપ્રધાનની ભારત મુલાકાત

# PM સાથે પણ દ્વિપક્ષીય ચર્ચા કરતા રાહુલ-પ્રિયંકા

## બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવા પર મૂકાયો ભાર

નવી દિલ્હી, તા.૧૩

વિપક્ષના નેતા રાહુલ ગાંધી તેમજ કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ નવી દિલ્હી ખાતે મલેશિયાના વડાપ્રધાન દાતો સેરી અનવર બિન ઇબ્રાહિમ સાથે ખાસ મુલાકાત કરી હતી. બંને નેતાઓએ વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી. આ અગાઉ બ્રિક્સ (BRICS) સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મલેશિયાના વડાપ્રધાન વચ્ચે પણ દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી, જેમાં બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારત અને મલેશિયા વચ્ચેના સંબંધો હવે સેમિકન્ડક્ટર, મહત્વપૂર્ણ ખનિજો, સ્વચ્છ ઊર્જા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રતિભાશાળી લોકોની અવરજવર જેવા નવા તેમજ મહત્વકાંક્ષી ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યા છે. બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ, દ્વિપક્ષીય રોકાણ અને નાગરિકો વચ્ચેના સંપર્કો સતત મજબૂત બની રહ્યા છે, જે ભારત-મલેશિયા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને નવી ગતિ આપી રહ્યા છે. દ્વિપક્ષીય બેઠકની શરૂઆતમાં મલેશિયન વડાપ્રધાને ભારતીય વડાપ્રધાનની ભારે લોકપ્રિયતાની પ્રશંસા કરી હતી. તેમણે પોતાના મોબાઈલ પર આવી રહેલા સંદેશાઓનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે લોકોમાં તેમની મજબૂત પકડ છે અને તેઓ વૈશ્વિક સ્તરે અત્યંત લોકપ્રિય નેતા છે.

# ભાજપ શાસિત રાજ્યોમાં UCC લાગુ કરવાનો પ્રયાસ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુંબઈમાં મોટી જાહેરાત : ૨૦૨૯ પહેલાં કવાયત

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુંબઈમાં મોટી જાહેરાત કરી છે. ભાજપ અને NDA શાસિત ૨૧ રાજ્યોમાં ૨૦૨૯ પહેલાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવા સઘન પ્રયાસો કરાશે. લગ્ન, છૂટાછેડા, વારસાઈ અને ભરણપોષણ જેવા અંગત કાયદાઓમાં તમામ નાગરિકો માટે ધર્મ કે જાતિના ભેદભાવ વિના સમાન નિયમો સ્થાપિત કરવાનો UCCનો હેતુ છે. દેશમાં કાયદાકીય એકરૂપતા લાવવાના ઉદ્દેશ સાથે ભારતીય જનતા પાર્ટી અને એનડીએ શાસિત ૨૧ રાજ્યોમાં વર્ષ ૨૦૨૯ પહેલાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુંબઈ ખાતે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.




હાલમાં દેશના કેટલાક રાજ્યોમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની દિશામાં મહત્વના પગલાં ભરીને કાયદાકીય અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. આ સફળતાને આગળ ધપાવતાં હવે ભાજપ અને તેના સહયોગી પક્ષોની સરકાર ધરાવતા તમામ ૨૧ રાજ્યોમાં આગામી સામાન્ય ચૂંટણીઓ પહેલાં તબક્કાવાર રીતે યુસીસી લાગુ કરવાની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. સમાન નાગરિક સંહિતાનો મુખ્ય હેતુ ધર્મ કે જાતિના ભેદભાવ વગર તમામ નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, વારસાઈ મિલકત અને ભરણપોષણ જેવા અંગત કાયદાઓમાં સમાન નિયમો સ્થાપિત કરવાનો છે. કેન્દ્ર સરકારનું માનવું છે કે બંધારણીય મૂલ્યો અને સમાન અધિકારોનું રક્ષણ કરવા માટે દેશભરમાં આવા સુધારા અત્યંત અનિવાર્ય છે.

શબ્દ બ્રહ્મ

સદ્‌ગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### સામૂહિક રીતે ઉજવાતાં કોઈપણ ઉત્સવનો મુખ્ય હેતુ ભાઈચારો વધારવાનો હોય છે!



શ્રાવણ પૂરો થતાં કેવડા ત્રીજનાં પતિવ્રતા વ્રતથી ભાદરવાનાં વ્રત અને તહેવારની શરૂઆત થઈ ગઈ છે, આજે ૧૪ સપ્ટેમ્બર, મમ્મીની વિદાયનો દિવસ, અને જન્મ પણ અનંત ચતુર્દશીનો એટલે કે ભાદરવામાં હતો, ''મા તે મા'' એને તમે ગમે ત્યાં અનુભવી શકો! પોતે હોય કે નહોય, પણ એને યાદ કરીએ એટલે ઓચિંતી હિમ્મત આવે! અને મુશ્કેલ લાગતું કામ આસાન લાગે! આપણે વિષય તરફ આગળ વધીએ ગણેશ ચતુર્થી નિમિત્તે ગણપતિ આયો રે રિદ્ધિ સિદ્ધિ લાયો રે..ગણપતિ બાપા મોરિયા રે બાપા મોરિયા રે... એવા નારા સાથે ઠેર ઠેર ગણિત સ્થાપના થશે. જૈનોનો પવિત્ર પર્યુષણનો તહેવાર પણ ઉજવાશે, એ જ રીતે હિન્દુ સંસ્કૃતિ ઋષિની સંસ્કૃતિ હોવાથી આપણે ત્યાં ભાદરવા સુદ પાંચમને દિવસે ઋષિ પાંચમ ઉજવવામાં આવે છે. આ દરેક તહેવાર પોતાની રીતે, એક મૌલિક તત્વચિંતન પણ દર્શાવે છે. એટલે કે કેવડા ત્રીજ હોય તો હ્રદયમાં સાત્વિક શ્રદ્ધાનું સ્થાપન થવું, અને પતિ પરમેશ્વરની ભાવના રાખવી, એટલે કે એનાથી વધુ હિત ક્યાંય નથી, એટલું સમજવું. ગણેશ ચતુર્થી હોય એટલે ગણેશ રૂપે બુદ્ધિમાં વિવેક પ્રસ્થાપિત કરવો, અને અહંકારને એકકોર મૂકી સૌ સાથે મિતભાષી વ્યવહાર રાખવો. મિચ્છામી દુકડમનાં દિવસે આખા વર્ષ દરમિયાન થયેલી ભૂલચૂકની માફી માંગીને સંબંધોના મેલને ધોઈ નાખવો, આશા અપેક્ષાથી ઉપર ઉઠી જવું. પણ એક વિચાર એ પણ આવે, કે કરેલી ભૂલની માફી માંગવા આખું વર્ષ રાહ શું કામ જોવી ! એટલો ભાર લઈ શું કામ ફરવું! ઋષિ પાંચમ એટલે ઋષિ જેવું લોક કલ્યાણમય સાદગી ભર્યું જીવન જીવવું, જેનાથી જીવનમાં શાંતિ અને આનંદ આવે. તો માત્ર ગણેશજીની સ્થાપનાથી એટલું પરિણામ નહીં આવે આ તહેવાર પાછળનું મુખ્ય કારણ શું છે?એવું સૂક્ષ્મ ચિંતન આ તહેવારોમાં કરીને ચરિત્રને ચોખ્ખું કરવાની કોશિશ કરીશું.

ભગવાન ગણેશને દરેક પૂજામાં પ્રથમ સ્થાન મળ્યું છે, અને શરીર આપણી કરતાં સાવ જુદું હોવા છતાં આપણને એ બહુ ગમે છે, કારણકે આપણને તેની આકૃતિમાં કોઈ વિકૃતિ દેખાતી નથી. જોકે એક સત્ય એ પણ છે કે માત્ર શંકર સુવન તરીકે જ ગણપતિ નથી, ગણપતિ તો આદિ અનાદી છે, અને વેદમાં એનો ઉલ્લેખ પણ મળે છે. જેમ બાળ હનુમાનની અમુક વાતો પ્રસિદ્ધ પામી છે, એ જ રીતે ગણેશજીની પણ અમુક વાતો શાસ્ત્રોક્ત છે, અને જે ખરેખર આપણને બોધ આપે છે. એકવાર આખો શંકર પરિવાર કૈલાસમાં હર્ષોલ્લાસ કરતો હતો, અને બંને પુત્રોના વિવાહની વાત ચાલતી હતી. શંકર ભગવાને કહ્યું કે તમારાં બેય માંથી જે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પહેલાં આવશે એની સાથે રિદ્ધિ સિદ્ધિનાં લગ્ન કરીશું. આ સાંભળીને કાર્તિકેય સ્વામી પોતાનાં વાહન મોર પર બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા કરવાં નીકળી પડ્યાં. જ્યારે ગણપતિ એ વિચાર્યું કે પોતાનું વાહન તો ઉંદર છે, અને એની ઝડપે તો હું આખી જિંદગી કુંવારો રહીશ! આથી એણે શાસ્ત્રનો માર્ગ અપનાવ્યો, અને પોતાનાં માતા પિતાને બાજોઠે બેસાડીને ગણપતિ એ સાત વાર પ્રદક્ષિણા કરીને, કહ્યું કે પિતાજી હું આપની શરત પ્રમાણે પહેલો આવી ગયો એટલે હવે રિદ્ધિ સિદ્ધિ સાથે મારાં લગ્ન થશે! ભગવાન શંકરે કહ્યું કે હે પુત્ર તારી વાત સાચી છે! આ દુનિયામાં સૌથી વધુ મહત્વનું સ્થાન માતાપિતાનું છે, અને જે પુત્ર એને આદર આપે એની તમામ મનોકામના પૂર્ણ થાય છે, માટે એનાં લગ્ન રિદ્ધિ સિદ્ધિ સાથે થયા. આ ઉપરાંત ગણપતિ વિવેકનાં દેવ છે, અને જેનાં મસ્તકમાં વિવેક અંકિત થયો હશે, એ ગમે તેટલો શસ્ક્ત હશે, પણ એ નાના માં નાના જીવનાં જીવનમાં મહત્વનું સ્થાન ધરાવશે, અને એટલે જ ગણપતિ આટલું મોટું કદ ધરાવતા હોવા છતાં, ઉંદર પર સવારી કરે છે.

ઉત્સવો એ આપણી સંસ્કૃતિની બહુ મોટી પરંપરા છે,અને એકધારી થકવી દેતી જીંદગીમાં એ જરૂરી પણ છે. ગણેશ સ્થાપનામાં હમણાં જ મને જાણવાં મળ્યું કે ગણેશ વિસર્જન શું કરવામાં આવે છે? ૧૮૯૨મા જ્યારે અંગ્રેજો આપણી પર રાજ કરતાં હતાં અને આઝાદ ભારતની કેટલીય ચળવળો ચાલુ હતી! એમાં બાલગંગાધર તિલક પણ ગણેશ ઉત્સવ અંતર્ગત આવી જ સભાનું આયોજન કર્યું! ઉત્સવ પૂરો થયો એટલે ગણપતિની મૂર્તિ સાથે સરઘસ કાઢ્યું, અને ગણેશ દર્શન માટે ઉમટી પડેલી ભીડ માંથી એક ક્ષુદ્ર વર્ણનો માનવી ગણેશની મૂર્તિને અડી ગયો! કહેવાતાં સવર્ણો આ જોઈ ગયાં અને મૂર્તિ અભડાવી એમ કરી એ ક્ષુદ્ર માનવીને ઢોર માર માર્યો! અને એ મરી ગયો! છતાં અંધશ્રદ્ધા હજી પીછો છોડતી નથી, અને આખી સભા બાલ ગંગાધર તિલક પાસે જાય છે, અને કહે છે હવે આ અભડાયેલી મૂર્તિનું શું કરીશું? એ પૂજા યોગ્ય નથી! બાલ ગંગાધર તિલકે ખબર નહીં શું વિચાર્યું હશે! પણ એણે કહ્યું કે આપણે આ મૂર્તિ ને નદી કે સમુદ્રનાં પાણીમાં ડુબાડીને એનું વિસર્જન કરીશું! આમ ત્યારથી ગણેશ વિસર્જન કરવાનું શરૂ થયું! પણ વાત એ છે કે! એ વખતનાં સમયમાં નાત જાતનું ઝેર એટલી હદે વ્યાપેલું હતું કે, એને કાઢવાં મહાપુરુષો એ ખૂબ સંઘર્ષ કર્યો! ત્યારે આજે આ સ્થિતિ છે. સાચું કારણ જાણ્યાં પછી ગણેશ વિસર્જન ન કરીએ, તો પણ ગણેશ નારાજ નહીં થાય ! બસ મૂર્તિને એક સ્થાનેથી લઈ બીજા સ્થાને મુકી દેવી. દેખાદેખી કે સ્ટેટ્સનો પ્રશ્ન બનાવવો નહીં ! એટલે એનાથી મોટી મૂર્તિ! શણગારમાં કે પ્રસાદમાં દેખાડો ! માત્ર ભક્તિનો ભાવ રાખવો. આ ઉપરાંત આ ઉત્સવ પ્રાકૃતિક પ્રદૂષણ વધારતાં નથી ને ? એ પણ વિચારવું પડશે, કારણ કે પ્રદૂષણની તીવ્રતા ઘટાડવા માટે પ્રકૃતિને ધ્યાનમાં રાખીને દરેક તહેવારો હવે ઉજવવા જોઈએ! એવી પણ એક નમ્ર અપીલને ધ્યાનમાં રાખીશું. વિસર્જન કરવું હોય, તો ઈકો ફ્રેન્ડલી મૂર્તિને દરિયા કે અન્ય પાણીમાં પધરાવીને પ્રકૃતિની રક્ષા કરીને પ્રદૂષણ વધતું અટકાવીશું.

સામૂહિક રીતે ઉજવાતા આવા કોઈ ઉત્સવનો મુખ્ય હેતુ અંદરો અંદર ભાઈચારો વધે એ હોય છે, તો આપણે એ હેતુ પાર પડે એમ તહેવારો ઉજવવાં જોઈએ. ગણેશ ચતુર્થી ઉજવીએ છીએ, પરંતુ વિવેકનું પાલન થાય નહીં તો ભગવાન ગણેશ પ્રસન્ન કઈ રીતે થઈ શકે? એ વિચારીને અદંરોઅંદર ગાલી ગલોચ ન કરવાં, દરેકના માન સન્માનને મહત્વ આપવું, તેમજ આપણી મૂળ સંસ્કૃતિ જળવાઈ રહે એમ ઉત્સવ મનાવવો. નાચગાન કે ફોટાને મહત્વ આપ્યાં વગર ખરા હ્રદયથી સ્તુતિ સ્તવન કરી ગણેશોત્સવ ઉજવાવવો જોઈએ. આ ઉપરાંત તહેવાર પૂરતાં જ મનમેળ અને પછી વેર એ નીતિ હવે ત્યાગવી પડશે. વસુધૈવ કુટુંબકમની ભાવના હ્રદયમાં રહે, મૈત્રીભાવનું પવિત્ર ઝરણું દરેકનાં જીવનની મુખ્ય ઉપલબ્ધિ બને એ પણ મહત્વનું છે! તો જ અસ્તિત્વ મંગલનુ ગાન રોજ ગાશે! અને આપણાં પર નિત્ય શુભની વર્ષા કરશે.

ગણેશ એટલે વિવેક એ રીતે જોઈએ તો સ્થૂળ રુપે આપણે ગણેશ સ્થાપના કરીએ કે ન કરીએ! પણ મન બુદ્ધિમાં વિવેક રૂપે ગણેશ સ્થાપના જરૂરથી કરવી! એવું વિચારી શકાય! અને તો પરિણામ પણ વધુ સારું આવે! કારણકે એકવીસમી સદીનો સમય ચાલી રહ્યો છે, અને ભારતે પણ વૈજ્ઞાનિક રીતે ખૂબ જ વિકાસ સાધ્યો છે, અને વિશ્વમાં એક ઉચ્ચુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પરંતુ વિશ્વનાં અન્ય દેશોએ શોધેલી ટેકનોલોજીનાં ઉપયોગ માટે, આજે ભારત અવ્વલ નંબરે આવે છે. તો કોઈપણ ટેકનોલોજી હોય એનો ઉપયોગ કરતા પહેલાં, આપણે એ આપણી માટે અનુકૂળ છે કે નહીં? એ વિચારીને વિવેક દાખવી એનો ઉપયોગ કરીશું. ઉપયોગની માત્રા કેટલી રાખવી, એનો પણ વિવેક રાખીશું, ઉપરાંત અન્ય કોઈ માટે નુકસાન કર્તા તો નથી ને? આ બધું વિચારવું પડશે, તો જ આપણે ખરાં અર્થમાં ગણેશની પૂજા કરી કહેવાશે, અને તો રિદ્ધિ સિદ્ધિ તથા શુભ લાભ સહિત સપરિવાર એ આપણાં ઘરે આવશે.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પોલીસે જુગાર રમતા તત્વો પર લાલ આંખ કરી

# જુગારના ૭ દરોડામાં ૪૩ તાસપ્રેમી પકડાયા

## ભાયાવદર, એલસીબી, ધોરાજી, જેતપુર, સુલતાનપુર અને ગોંડલ પોલીસે ઢાંક, વંડેખન, ફરેણી, સુપેડી, જેતપુર, ધરાળા અને ગુંદાસરામાં દરોડા પાડી રૂ. ૩,૫૮,૮૯૦ નો મુદ્દામાલ કર્યો કબજે



રાજકોટ, તા.૧૩

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પોલીસે જુગાર રમતા તત્વો પર લાલ આંખ કરી અલગ-અલગ ૭ સ્થળોએ દરોડા પાડ્યા છે, જેમાં કુલ ૪૩ આરોપીઓ ઝડપાયા છે

પ્રથમ દરોડામાં ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઢાંક ગામની વચલી શેરીમાં પાડવામાં આવ્યો હતો, જ્યાંથી પોલીસે રોકડા ૧૨,૭૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ગુનામાં વિજયસિંહ જામભા વાળા, નરેન્દ્રસિંહ ઉર્ફે નંદો મહિપતસિંહ વાળા, વિનોદ પ્રમોદ લુણસીયા, દિપક ખીમજી વાછાણી, રાજેશ દેવશી સુનરીયા, ભીખુ રાજા જમરીયા અને ગિરધર છગન ધામીને ઝડપી લેવાયા હતા, જ્યારે રણજીતસિંહ ઉદયસિંહ વાળા ફરાર છે. બીજા દરોડામાં રાજકોટ ગ્રામ્ય એલસીબીએ ભાયાવદર પોલીસ સ્ટેશન હદમાં આવતા વંડેખન ગામે જીતેન્દ્ર અમરા વિઝુડાની વાડીમાં પાડ્યો હતો, જ્યાંથી રોકડ અને મોબાઈલ મળી ૧,૫૧,૩૦૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. અહીંથી જીતેન્દ્ર અમરા વિઝુડા, સુભાષ કેશવ વારશકીયા, દેવાયત ચના કરોતરા, ભાવિન ઉર્ફે ભાયો આલા ભટ્ટ, દેવશી સુભા ઓડેદરા અને કાંતી મુળુ ભાદરકા પકડાયા હતા.

ત્રીજા દરોડામાં ધોરાજી તાલુકા પોલીસે ફરેણી ગામે હનુમાન દાદાના મંદિર વાળી શેરીમાં પાડ્યો હતો, જેમાં ૧૫,૬૦૦ ના મુદ્દામાલ સાથે શીવા રામજી મેવાડા, દાના લાલા ડ્રાંગીયા, સંજય ડાયા વઘેરા, શાંતુ રામભા શેખવા, જસા વલકુ શેખવા અને શંકરદાસ દેવીદાસ રાઠોડની અટકાયત કરવામાં આવી હતી. ચોથા દરોડામાં પણ ધોરાજી તાલુકા પોલીસે સુપેડી ગામની ધાડુ સીમમાં પાડ્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે રોકડા ૩૨,૭૧૦ ના મુદ્દામાલ સાથે રેનીશ વિઠ્ઠલ ગોધાણી, ગીરીસ ભવાન વડારીયા, વિપુલ વલ્લભ ગોવાણી, રેનીશ કાન્તિ માકડીયા અને સુનિલ શાન્તિ ગોવાણીને પકડી પાડ્યા હતા. પાંચમો દરોડો જેતપુર સીટી પોલીસે બાવાવાળા પરા, ભુતીયા સ્કૂલ પાસે પાડ્યો હતો, જ્યાંથી રોકડ અને અન્ય સાધનો મળી ૧૦,૩૫૦ ના મુદ્દામાલ સાથે સીતારામ મનહરદાસ દેસાણી, મનીષ બાબુ ધામેલીયા, જાનકીદાસ મનહરદાસ દેસાણી, વિશાલ સીતારામ દેસાણી અને રાજ જાનકીદાસ ઉર્ફે જયેશ દેસાણી ઝડપાયા હતા.

છઠ્ઠો દરોડો સુલતાનપુર પોલીસે ધરાળા (તા. ગોંડલ) ગામે પાડ્યો હતો. આ દરોડામાં ૫૯,૬૦૦ નો મુદ્દામાલ કબજે કરી રાજેશ કાંતી માયાણી, પ્રભાત ચંદુ માયાણી, મુકેશ શાંતી માયાણી, ચીમન બાલુ માયાણી, જયેશ ભીમજી બાબરિયા અને જનક ટપુ ગઢાદરાને ઝડપી લેવામાં આવ્યા હતા, જ્યારે ભરત ડાયા માયડ નામનો ઈસમ ફરાર થઈ ગયો હતો. સાતમો દરોડો ગોંડલ તાલુકા પોલીસે ગુંદાસરા ગામે હરસિધ્ધી સોસાયટીમાં પાડ્યો હતો, જ્યાંથી ૭૬,૫૬૦ ના મુદ્દામાલ સાથે ૮ આરોપીઓ પકડાયા હતા. ઝડપાયેલા આરોપીઓમાં વિક્રમસિંહ ગુલાબસિંહ જાડેજા, વનરાજસિંહ ભુપતસિંહ રાઠોડ, પ્રકાશ કાંતી સોલંકી, અન્ય એક પ્રકાશ કાંતી સોલંકી, જગદીશ ઉકા જમોડ, વિક્રમ કાના કોઠીવાર, રવિરાજસિંહ ગંભીરસિંહ વાઢેર અને રવિ રમેશ ખંભાલાનો સમાવેશ થાય છે. શ્રાવણ મહિનામાં સૌરાષ્ટ્રમાં પુરબહારમાં જૂગાર ચાલ્યો છે. પણ હવે શ્રાવણ માસ પૂર્ણ થઇ જવા છતાં જુગારીઓએ પ્રવુત્તિ બંધ ન કરી હોય પોલીસ હરકતમાં આવી છે અને જુગાર દરોડા પાડી રહી હોવાની વિગતો મળી રહી છે.

આજીડેમ જીઆઇડીસી રોડ પર સાઇટ પર

# પાણીની ટાંકીમાં ડૂબી જતા માસૂમનું મોત

## દોઢ વર્ષની બાળકી રમતી ટાંકીમાં ખાબકતા પરિવારમાં શોક

રાજકોટ, તા.૧૩

રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અત્યંત કરુણ ઘટના બની છે, જેમાં રમતા-રમતા પાણીની ટાંકીમાં પડી જવાથી દોઢ વર્ષની માસૂમ બાળકીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે શ્રમિક પરિવારમાં ભારે આક્રંદ છવાયો છે.

આજીડેમ ચોકડી પાસે જી.આઇ.ડી.સી. રોડ-બી પર આવેલી સાઇટ પર રહેતા બુચ્ચન કુમારની દોઢ વર્ષની પુત્રી વિશ્વાંસીકુમારી ગત તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ પોતાના ઘરે સાઇટ પર હતી. આ દરમિયાન અચાનક તે ત્યાં આવેલી પાણીની ટાંકીમાં પડી ગઈ હતી. માસૂમ બાળકી ટાંકીમાં ખાબકતા તેને તાત્કાલિક



બહાર કાઢીને પિતા બુચ્ચન કુમાર સારવાર અર્થે રાજકોટની જનાના હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના ડો. અતુલ દેવમુરારીએ તપાસીને રાત્રે ૮:૦૨ વાગ્યે માસૂમ વિશ્વાંસીકુમારીને મૃત જાહેર કરી હતી. બનાવ અંગે જનાના હોસ્પિટલથી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. અતુલભાઈ શુક્લાને જાણ કરાતા થોરાળા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી છે. આ બનાવની વધુ તપાસ થોરાળા પોલીસ મથકના પી.એસ.આઈ. એ.આર. રાઠોડ ચલાવી રહ્યા છે.

# સગર્ભાને દારૂ પીને પતિએ ઝૂડી, બાળકનું કરુણ મોત

## પતિ-સાસુ અને સસરાના અનહદ ત્રાસ : પિયરથી મહિલાની સ્ત્રીધન પચાવી પાડ્યાની પણ ફરિયાદ

રાજકોટ, તા.૧૩

રાજકોટ શહેરમાં રહેતા પૂનમબેન હર્ષભાઈ ગોસલીયા (ઉ.વ.૨૮) નામની પરિણીતાને તેમના પતિ અને સાસુ-સસરા દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે પૂનમબેને મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં તેમણે તેમના પતિ હર્ષભાઈ ગોસલીયા, સસરા આશીતભાઈ ગોસલીયા અને સાસુ ઉર્વીબેન ગોસલીયા સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, પૂનમબેન અને હર્ષભાઈ વચ્ચે પ્રેમલગ્ન થયા હતા, પરંતુ લગ્નના એકાદ વર્ષ બાદ જ પતિ હર્ષભાઈએ પૂનમબેન પર શંકા કરવાનું શરૂ કરી દીધું હતું. આ ઉપરાંત, સાસુ ઉર્વીબેન અને સસરા આશીતભાઈ દ્વારા ઘરકામ બાબતે મહેણા-ટોણા મારી અવારનવાર ઝઘડા કરવામાં આવતા હતા.



ત્રાસ એટલી હદે વધી ગયો હતો કે પતિએ ગર્ભાવસ્થા દરમિયાન દારૂ પીને પૂનમબેનને માર માર્યો હતો, જેના કારણે તેમનું બાળક મોતને ભેટ્યું હતું અને અબોર્શન કરાવવું પડ્યું હતું.

ફરિયાદીએ એવો પણ આક્ષેપ કર્યો છે કે, ડિલિવરી બાદ પણ સાસરીયાઓએ ત્રાસ ચાલુ રાખ્યો હતો અને દીકરીને માતા વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો. પતિ હર્ષભાઈ દ્વારા અવારનવાર ચારિત્ર્ય પર શંકા કરવામાં આવતી હતી અને મારઝૂડ કરવામાં આવતી હતી. આ તમામ બાબતોથી કંટાળીને પૂનમબેન તેમની દીકરી સાથે પિયરમાં રહેવા જતા રહ્યા હતા, પરંતુ ત્યાં પણ સાસરીયાઓ દ્વારા હેરાનગતિ કરવામાં આવી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, સાસરીયાઓએ પૂનમબેનનું સ્ત્રીધન પણ પડાવી લીધું છે અને પરત કરવાની ના પાડી રહ્યા છે. આ મામલે પૂનમબેને અગાઉ ભરણપોષણ અને ઘરેલુ હિંસા અંગે કોર્ટમાં અરજી પણ કરી હતી. જોકે, સાસરીયાઓનો ત્રાસ યથાવત રહેતા આખરે તેમણે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લોધીકાના રાવકી ગામે તસ્કરોનો આતંક

## ૯ કારખાનાઓને નિશાન બનાવી ૩ માંથી ૬૦ હજારની ચોરી



રાજકોટ, તા.૧૩

રાજકોટ ગ્રામ્યના લોધીકા તાલુકાના રાવકી ગામે આવેલા સરદાર તથા જય યોગેશ્વર ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં તસ્કરોએ ભારે આતંક મચાવ્યો છે. ગત તારીખ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ રાત્રીના સમયે મોઢે કાળું કપડું અને માથે રૂમાલ બાંધીને આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ એકસાથે ૯ જેટલા કારખાનાઓને નિશાન બનાવ્યા હતા. આ શખ્સોએ ત્રણ કારખાનાઓમાંથી કુલ રૂ. ૬૦,૫૦૦ ની રોકડ રકમની ચોરી કરી હતી. આ મામલે રાજકોટના મવડી વિસ્તારમાં રહેતા અને મારુતિ ઈન્ડસ્ટ્રીઝ ધરાવતા ૫૨ વર્ષીય શૈલેષભાઈ રામજીભાઈ મેઘાણીએ લોધીકા પોલીસ મથકમાં અજાણ્યા ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ૧૧ તારીખે સવારે શૈલેષભાઈ કારખાને પહોંચ્યા ત્યારે ઓફિસનો દરવાજો તૂટેલો હતો અને ટેબલના ખાનામાંથી રૂ. ૩૦,૦૦૦ ગાયબ હતા. સીસીટીવી ફૂટેજ તપાસતા રાત્રે ૩:૩૨ વાગ્યે શોર્ટ અને શર્ટ પહેરેલા તથા હાથમાં મોજા અને મોઢે બુકાની બાંધેલા ત્રણ શખ્સો ચોરી કરતા નજરે પડ્યા હતા. આસપાસ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ જ ત્રણ શખ્સોએ દિવ્યેશભાઈ રામાણીના 'શ્રીનાથ લેબ' નામના કારખાનાની બારીના સળિયા તોડી રૂ. ૨૩,૦૦૦ ની ચોરી કરી હતી. જ્યારે હસમુખભાઈ ગઢીયાના 'જાનવી ઘરઘંટી' નામના કારખાનામાંથી આશરે રૂ. ૭,૫૦૦ ની રોકડ ચોરી લીધી હતી.

આ ઉપરાંત, તસ્કરોએ અજંતા એન્જીનીયરીંગ, ઓમ ઈન્ડસ્ટ્રીઝ, બી.એમ. એન્જીનીયરીંગ, રાજ પોલીમર્સ, મેક્સીસ ઈનોવેશન અને અંકિતા પંપ એમ કુલ ૬ અન્ય કારખાનાઓમાં પણ ગ્રીલ, શટર અને તાળા તોડી પ્રવેશ કર્યો હતો. જોકે, આ ૬ કારખાનાઓમાંથી કોઈ ચીજવસ્તુઓની ચોરી થઈ ન હતી. અંકિતા પંપ કારખાનામાં સીસીટીવી સેન્સરના કારણે સાયરન વાગી ઉઠતા તસ્કરો ત્યાંથી ભાગી છૂટ્યા હતા. લોધીકા પોલીસે સીસીટીવી ફૂટેજ અને ફરિયાદના આધારે ત્રણેય અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

નાકરાવાડી ડમ્પિંગ યાર્ડમાં દુર્ઘટના

# ટીપરવાનનું પાટિયું પડતાં મહિલાનું કમકમાટીભર્યું મોત

## બેદરકારીથી કચરો ખાલી કરતા અજાણ્યા ચાલક સામે કુવાડવા રોડ પોલીસમાં ગુનો દાખલ, બે માસૂમ બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી

રાજકોટ, તા.૧૩

રાજકોટ મહાનગરપાલિકાના નાકરાવાડી ડમ્પિંગ યાર્ડમાં કચરો વીણવાનું કામ કરતી એક ૩૦ વર્ષીય મહિલા પર કચરાની ગાડીનું લોખંડનું પાટિયું પડતાં તેણીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ ઘટના ગત ૩૦મી ઓગસ્ટના રોજ બની હતી. મૃતક મહિલાના પતિએ અંતિમ વિધિ પૂર્ણ કર્યા બાદ હવે કચરાની ગાડીના અજાણ્યા ચાલક વિરુદ્ધ કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.



બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર, પડધરી તાલુકાના તરઘડી ગામે રહેતા અને મજૂરીકામ કરતા ૩૫ વર્ષીય મહેશભાઈ કાનજીભાઈ પાડલીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની પત્ની અલ્પાબેન એકાદ મહિનાથી નાકરાવાડી ગામે તેમના માવતરે ગયા હતા. ૩૦ ઓગસ્ટના રોજ બપોરે એકાદ વાગ્યાના સુમારે અલ્પાબેન નાકરાવાડી ડમ્પિંગ યાર્ડમાં કચરો વીણી રહ્યા હતા, ત્યારે કચરો ખાલી કરવા આવેલી એક અજાણી ગાડીના ચાલકે બેદરકારીપૂર્વક ગાડી રિવર્સમાં લીધી હતી. કચરો ખાલી કરતી વખતે ગાડીના પાછળના ભાગનું લોખંડનું પાટિયું ધડાકાભેર અલ્પાબેન પર પડ્યું હતું.

આ દુર્ઘટનામાં અલ્પાબેનને ડાબી બાજુના પડખા અને સાથળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક અલ્પાબેનને સંતાનમાં ૧૧ અને ૭ વર્ષના બે માસૂમ પુત્રો છે, જેમણે માતાની છત્રછાયા ગુમાવી છે. કુવાડવા રોડ પોલીસે મહેશભાઈની ફરિયાદના આધારે અજાણ્યા ચાલક સામે બી.એન.એસ.ની કલમ ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(ક), ૧૨૫(બ) અને મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ હેઠળ ગુનો નોંધીને તેને ઝડપી લેવા વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ મિરર



### ઈલેક્ટ્રીક કારનું ચાર્જીંગ પૂરું થતાં મદદના નામે રીક્ષામાં બેસાડ્યા, નજર ચૂકવી ચોરીને અંજામ આપ્યો

# રીક્ષા ગેંગે વેપારીના ૫૦ હજાર સેરવ્યા

## કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા ગેંગને પકડી લેવા દોડધામ

રાજકોટ, તા. ૧.૩

કુવાડવા રોડ પર ભગીરથ અને આઈઓસી પેટ્રોલ પંપ વચ્ચે ચતુર રીક્ષા ગેંગે એક વેપારીને ટાર્ગેટ બનાવી નજર ચૂકવી રૂપિયા ૫૦,૦૦૦ની ચોરી કરી ભાગી છૂટવાની ઘટના સામે આવી છે. આ અંગે ગોંડલના વેપારીએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ચાર અજાણ્યા શખ્સો સામે ચોરી અને એકબીજાની મદદગારી અંગે ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગતવાર હકીકત જોઈએ તો ગોંડલના કૈલાસ બાગ શેરી નં. ૧૭/૬માં રહેતા અને વાંકાનેર ચોકડી ખાતે બેન્ચ મા નામે પ્લાસ્ટિકનું કારખાનું ધરાવતા ૨૭ વર્ષીય ભૌતિકભાઈ મુળજીભાઈ ગઢીયા-પટેલ ગત તારીખ બારમી જુલાઈના રોજ સાંજના આશરે છએક વાગ્યે પોતાના ભાગીદાર અને સંબંધીઓ સાથે વિનફાસ્ટ ઇલેક્ટ્રીક કાર જીજે-૦૩-ચઉ-૨૭૨૬ લઈને ગોંડલ જઈ રહ્યા હતા.

કુવાડવા ગામ પાસે ઈંધઈ પેટ્રોલ પંપ નજીક કારનું ચાર્જીંગ પૂરું થઈ જતાં, કાર ત્યાં પાર્ક કરી ભૌતિકભાઈ સામેની બાજુ આવેલા ભગીરથ પેટ્રોલ પંપ પર ઈલેક્ટ્રિક ચાર્જીંગ અંગે પૂછપરછ કરવા ગયા હતા.

તકની રાહ જોઈને બેઠેલ, પણ પૂછપરછ બાદ ભૌતિકભાઈ પરત ઈંધઈ પેટ્રોલ પંપ તરફ ચાલીને જઈ રહ્યા હતા ત્યારે એક અજાણી લીલા રંગની અને પીળા હૂડ વાળી ઈગત્રક રીક્ષા તેમની પાસે આવીને ઊભી રહી હતી. રીક્ષા ચાલકે ક્યાં જવું છે? પૂછતાં, ભૌતિકભાઈએ સામે જવું હોવાનું જણાવ્યું હતું. જેથી રીક્ષાવાળાએ સર્વિસ રોડ પર જ જવું છે તેમ કહી



તેમને રીક્ષામાં બેસાડ્યા હતા.

રીક્ષામાં પાછળની સીટ પર અગાઉથી જ ત્રણ અજાણ્યા પુરુષો બેઠેલા હતા. રીક્ષા ૨૦૦ મીટર આગળ વધી ત્યાં જ અંદર બેઠેલા એક શખ્સે બેસવામાં તકલીફ થાય છે, આ ભાઈને આગળ બેસાડો તેમ કહી ભૌતિકભાઈને ડ્રાઈવરની બાજુની સીટમાં ટ્રાન્સફર કર્યા હતા.

૧૦૦ મીટર જેટલું આગળ ગયા બાદ ડ્રાઈવરે ભૌતિકભાઈનું ધ્યાન ભટકાવવા કહ્યું કે, પાછળ કોઈ બાઈકવાળા ભાઈ ગાડી ઊભી રાખીને કંઈક વસ્તુ લે છે, તમારું તો કંઈ નથી પડી ગયું ને? આ સાંભળી ભૌતિકભાઈએ પોતાના પેન્ટના જમણા ખિસ્સામાં તપાસ કરતા, તેમાં રાખેલા કારખાનાના હિસાબના રોકડા રૂ. ૫૦,૦૦૦ ગાયબ જણાતા તેમણે તુરંત રીક્ષા ઊભી રખાવી હતી. ભૌતિકભાઈ જેવા નીચે ઉતર્યા કે તુરંત જ રીક્ષા ચાલક તેના સાથીદારો સાથે સ્પીડમાં રીક્ષા ભગાવીને નાસી છૂટ્યો હતો.

પોતાની સાથે છેતરપિંડી અને ચોરી થઈ હોવાનો અહેસાસ થતાં ભૌતિકભાઈએ પોતાના સાથીદારો કિશનભાઈ રુપાપરા, બ્રિજેશભાઈ ગઢીયા અને બહાદુરભાઈ ડેરને આ અંગે જાણ કરી હતી. પોતાના સ્તરે રીક્ષાની શોધખોળ કર્યા બાદ સફળતા ન મળતા, અંતે તુષારભાઈ સાથે કુવાડવા રોડ પોલીસ સ્ટેશને પહોંચી પી.એસ.આઈ. આર.કે. સામુદ્રે સમક્ષ ફરિયાદ નોંધાવી છે. પીઆઇ એ.એન. જાનીના માર્ગદર્શનમાં અજાણ્યા રીક્ષાચાલક અને તેના ત્રણ સાથીદારોની ભાળ મેળવવા ડી સ્ટાફ ટીમે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### શહેરમાં જુગારના વધુ પાંચ સ્થળે દરોડાઃ રોકડ કબજે થઈ

# જુગાર રમતા ૨૬ પત્તાપ્રેમી ઝડપાયા

## પોલીસે અલગ અલગ દરોડામાં રૂપિયા ૧.૫૩ લાખની રોકડ કબજે કરી

રાજકોટ તા. ૧૩

શહેર પોલીસ દ્વારા જુગાર રમતા અને રમાડતા તત્વો સામે લાલ આંખ કરીને શહેરના અલગ-અલગ વિસ્તારોમાં દરોડા પાડવામાં આવ્યા છે. આજી ડેમ અને કુવાડવા રોડ, ગાંધીગ્રામ અને એલસીબી,પીસીબી પોલીસ દ્વારા કુલ ૨૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ દરોડા દરમિયાન પોલીસ દ્વારા કુલ રૂ. ૧,૫૩,૫૫૦ની રોકડ રકમ અને ગંજીપત્તાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પ્રદ્યુમનનગર પોલીસ વિસ્તારમાં પી.સી.બી. ટીમે બાતમીના આધારે રેસકોર્ષ રીંગ રોડ, એરપોર્ટ રોડ કોર્નર પર આવેલ ''નંદ મહેર'' નામના મકાનમાં દરોડો પાડ્યો હતો. મકાનમાલિક બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી તીનપત્તીનો જુગાર રમાડતો હોવાનું ખુલ્યું હતું. આ દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂ. ૧,૩૦,૦૦૦ની રોકડ રકમ અને પત્તા જપ્ત કર્યા છે. અહીંથી મકાનમાલિક જતીન દિલીપ આડેસરા (રહે. રેસકોર્ષ રીંગ રોડ, એરપોર્ટ રોડ કોર્નર, સી.કે.હાઉસની બાજુમાં, નંદ મહેર મકાન, રાજકોટ), વિપુલ કરશનદાસ ફીચડીયા (રહે. પુજારા પ્લોટ શેરી નં.૪, ભક્તિનગર સોસાયટીની પાછળ, રાજકોટ), જીગર અનંત કોંઢીંયા (રહે. નાગેશ્વર ઍપલગ્રીન એપાર્ટમેન્ટ, રેડ વીંગ - ૮૦૧, રાજકોટ) અને સંજય હિમંત આડેસરા (રહે. કરણપરા, કરણસિંહજી મેઈન રોડ, શીવ હોસ્પિટલની બાજુમાં, રાજકોટ) નામના આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજા દરોડામાં આજી ડેમ પોલીસ સ્ટેશનની ટીમે કોઠારીયા સોલવંટ વિસ્તારમાં



શુભમ સોસાયટી શેરી નં. ૦૧ માં જાહેરમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે ગંજીપત્તા વડે તીનપત્તીનો રોનપોલીસ જુગાર રમતા ૪ મહિલાઓ સહિત ૯ ઇસમોને ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી રૂ. ૧૫,૦૨૦ની રોકડ રકમ કબ્જે કરી હતી. પકડાયેલા આરોપીઓમાં વિપુલ જેન્તી ગંગદેવ (રહે. કોઠારીયા સોલવંટ, શુભમ સોસાયટી શેરી નં.૦૧, રાજકોટ), હિરેન ધનશ્યામ પરમાર (રહે. વલ્લભવિદ્યા શેરી નં.૦૧, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ), હિતેન ભુપત ડાયમા (રહે. ન્યુ લક્ષ્મી સોસાયટી શેરી નં.૦૧, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ), રાજુ નારણ રાઠોડ (રહે. ગણેશ સોસાયટી શેરી નં.૦૧, મચ્છોમાના મંદિર પાસે, રાજકોટ), જેન્તીલાલ હેમરાજ ગંગદેવ (રહે. શુભમ સોસાયટી શેરી નં.૦૧, કોઠારીયા સોલવંટ, રાજકોટ), વૈશાલી વિપુલ કંટારીયા (રહે. જે.કે. પાર્ક શેરી નં.૦૩, કોઠારીયા સોલવંટ, રાજકોટ), હેતલ અતુલ ગંગદેવ (રહે. શુભમ સોસાયટી શેરી નં.૦૧, કોઠારીયા સોલવંટ, રાજકોટ), અંકીતા અતુલ ડાભી (રહે. શુભમ સોસાયટી શેરી નં.૦૧, કોઠારીયા સોલવંટ, રાજકોટ) અને ભાવના ગોપાલ ડાભી (રહે. શુભમ સોસાયટી શેરી નં.૦૧, વિપુલ સોસાયટી શેરી નં.૦૧, રાજકોટ) નો સમાવેશ થાય છે.

ત્રીજા દરોડામાં કુવાડવા રોડ પોલીસે માલીયાસણ ગામના ઢોરા વિસ્તારમાં હનુમાનજીના મંદિર સામેની શેરીમાં જાહેરમાં ગોળ કુંડાળુ વળીને તીનપત્તીનો જુગાર રમતા ૬ને પકડી પાડ્યા હતા. પોલીસ દરોડા દરમિયાન સ્થળ પરથી રૂ. ૨૨,૭૫૦ની રોકડ રકમ તથા પત્તા જપ્ત કરવામાં આવ્યા હતા. જેમાં મહેશ મોહન કિસલા (રહે. માલીયાસણ ગામ, ઢોરા વિસ્તારમાં, તા.જી. રાજકોટ), દિનેશ કેસા કાકડીયા (રહે. માલીયાસણ ગામ, ચોરા વાળી શેરી, તા.જી. રાજકોટ), અરવિંદ મોહન કિસલા (રહે. માલીયાસણ ગામ, ઢોરા વિસ્તાર, તા.જી. રાજકોટ), પીઠળ માંડા જાદવ (રહે. માલીયાસણ ગામ, ૫૦ વારીયા, તા.જી. રાજકોટ), કિશન કાનજી કિસલા (રહે. માલીયાસણ ગામ, માલધારી ચોક પાસે, તા.જી. રાજકોટ) અને રમેશ પોપટ કિસલા (રહે. માલીયાસણ ગામ, હનુમાનજીના મંદિર પાસે, તા.જી. રાજકોટ) ને ઝડપી લેવાયા હતા.

આ ઉપરાંત ચોથા દરોડામાં ગાંધીગ્રામ વિસ્તારમાં એલ.સી.બી. ઝોન-૨ની ટીમે સત્યનારાયણપાર્ક મેઇન રોડ પર બજરંગ ઓટો ગેરેજ પાસે જાહેરમાં જુગાર રમતા કિશન નરેન્દ્ર પરમાર (રહે. ગાંધીગ્રામ શેરી નં.૧૨, મોમાઇ કૃપા મકાન, રાજકોટ), હિરેન ભરત રાજાણી (રહે. ગાંધીગ્રામ શેરી નં.૬, જલારામ કૃપા મકાન, રાજકોટ) અને દિક્ષિત મોહનલાલ રૈયા (રહે. સત્યસાંઇ રોડ, પટેલ શેરી નં.૨, મારૂતીચોક, કાલાવાડ રોડ, રાજકોટ) ને રૂ. ૧૦,૮૦૦/- ની રોકડ સાથે ઝડપી લીધા હતા. તેમજ પાંચમા દરોડામાં ગાંધીગ્રામ-૨ પોલીસે રૈયાધાર મફતિયાપરા ચાર માળીયા ક્વાર્ટર પાસે જાહેરમાં જુગાર રમતા રાજેશ ભીમા કટોણીયા (રહે. રૈયાધાર ઇન્દિરાનગર, મફતિયાપરા, રાજકોટ), મહેશ હીરા પરમાર (રહે. રૈયાધાર ઇન્દિરાનગર, મફતિયાપરા, રાજકોટ), વિપુલ મૂકેશ ઉગરેજા (રહે. રૈયાધાર ઇન્દિરાનગર, મફતિયાપરા, રાજકોટ), મનીષ બીજલ ભોણીયા (રહે. રૈયાધાર ઇન્દિરાનગર, મફતિયાપરા, રાજકોટ) અને આશિષ ભાવેશ પઢીયાર (રહે. સંતકબીર રોડ, રામાપીર મંદિર પાસે, રાજકોટ)ને રૂ. ૧૦,૩૫૦ની રોકડ રકમ સાથે પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




# અપમૃત્યુના બે બનાવ

## લોઠડા ગામે યુવાનનો આપઘાત, એરપોર્ટ ફાટક પાસે અજાણ્યા યુવાનનો મળ્યો મૃતદેહ

રાજકોટ, તા.૧૩

રાજકોટ શહેરમાં અપમૃત્યુના બે અલગ-અલગ બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. પ્રથમ બનાવમાં, રાજકોટ તાલુકાના ભાયાસર ગામે રહેતા ૧૮ વર્ષીય પિયુષભાઈ હરેશભાઈ ભાલાળા નામના યુવાને ગત તારીખ ૧૨/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રીના સમયે લોઠડા ગામે જઈ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. પિયુષ પોતાના કામે જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો. ઝેરી દવા પીધા બાદ તે પોતાના ઘરે હતો ત્યારે તેની તબિયત લથડતા તેને પ્રથમ ગોંડલ સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં લાવવામાં આવ્યો હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં ફરજ પરના ડોક્ટર એચ.એસ. પટેલે તારીખ ૧૩/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૮:૩૫ વાગ્યે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના હેડ કોન્સ્ટેબલ કે.જે. પરમારે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા હેડ કોન્સ્ટેબલ ટી.જે. સરવૈયાએ આપઘાતના કારણ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં, પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનની હદમાં એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો છે. ભક્તિનગર રેલવે સ્ટેશન માસ્તર વાસુદેવએ દ્વારા આપવામાં આવેલા મેમાના આધારે ભક્તિનગર રેલવે સ્ટેશનના એ.એસ.આઇ. હર્ષદભાઈએ પોલીસમાં વર્ધી લખાવી હતી. એલ.સી. ગેઇટ-૪ એરપોર્ટ રેલવે ફાટકના ગેઇટમેનના જણાવ્યા અનુસાર, રેલવે કિમી નંબર ૩/૩ થી ૩/૪ ની વચ્ચે આશરે ૩૦ વર્ષનો એક અજાણ્યો પુરુષ બેભાન હાલતમાં પડેલ હતો. આ અંગે ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવતા, ૧૦૮ ના ઇ.એમ.ટી. ડોક્ટર નિલેશભાઈ ગોહિલે સ્થળ પર પહોંચી તપાસ કરતા તારીખ ૧૩/૦૯/૨૦૨૬ ના રોજ બપોરે ૧૩:૪૦ વાગ્યે આ યુવાનને મૃત જાહેર કર્યો હતો. આ બનાવની નોંધ કરી આગળની તપાસ પ્રદ્યુમનનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ પી. ગોહિલ ચલાવી રહ્યા છે.

### પોલીસની વિકેન્ડ ડ્રાઈવ : ઠેકઠેકાણે ચેકીંગ કરવામાં આવ્યું

# છરી, દારૂ સાથે અને પીધેલા ૨૧ પકડાયા

## ધારદાર છરી સાથે પાંચ, ડમડમ થઈ વાહન હંકારતા સાત અને દારૂ સાથે, પીધેલા નવ ઝપટે ચડ્યા

રાજકોટ તા. ૧.૩

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ જાળવી રાખવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓના નિર્દેશ હેઠળ વિવિધ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ અને સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વિકેન્ડ ડ્રાઈવમાં જાહેર શાંતિનો ભંગ કરતા અને કાયદાનું ઉલ્લંઘન કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ ટીમે હથિયારબંધીના ભંગ બદલ ધારદાર છરી સાથે ફરતા શખ્સો, દારૂનું સેવન કરનારા, કેફી પ્રવાહી પીને વાહન હંકારનારા તેમજ દેશી અને વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલા શખ્સો સામે ગુના નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. આવા એકવીસ કેસ દાખલ થયા હતાં.

ધારદાર છરી અને હથિયારબંધી ભંગના કિસ્સાઓ પર નજર કરીએ તો શહેરમાં જાહેરશાંતિ અને સુરક્ષા જાળવવા માટે અમલી હથિયારબંધીના જાહેરનામાના ભંગ બદલ ભક્તિનગર, આજી ડેમ અને માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કુલ ૫ શખ્સો ધારદાર છરી સાથે ઝપટે ચડ્યા છે. જેમાં ભક્તિનગર પોલીસ સ્ટેશન હેઠળ દેવપરા શાક માર્કેટ પાસેથી અફાન ઉર્ફે ગફાર જાહીદભાઇ પરમાર (રહે. જંગલેશ્વર) સામે છરી રાખવાનો ગુનો નોંધાયો છે. આ ઉપરાંત આજી ડેમ પોલીસે રણુજાનગર શેરી નં.૯ માંથી મનિષ કાનાભાઇ સોલંકી (ઉ.વ.૨૧) અને સરધાર ગામમાં સરકારી દવાખાના પાસેથી રિકેશ ગણપત ભયડિયા (ઉ.વ.૨૬)ને છરી સાથે ઝડપી લીધા છે. જ્યારે માલવીયાનગર પોલીસે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર કે.કે.વી. હોલ આગળથી મયુરસિંહ ભુપતભાઈ ચાવડા (ઉ.વ.૪૦) અને અમીન માર્ગના ખૂણેથી દીલીપ પિયુષભાઇ સોલંકી (ઉ.વ.૨૯)ને ગેરકાયદેસર છરી સાથે પકડી પાડી ગુનો દાખલ કર્યો છે.

દારૂ પીને વાહન હંકારતા ચાલકો સામે પણ કાર્યવાહી થઈ હતી. જેમાં કેફી પ્રવાહી પીધેલી હાલતમાં જાહેરમાં પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહનો ચલાવી અન્ય લોકોના જીવ જોખમમાં મૂકનારા ૪ વાહનચાલકો સામે પોલીસ દ્વારા એમ.વી. એક્ટ કલમ ૧૮૫ અને પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. કુવાડવા રોડ પોલીસે નવાગામ આણંદપર દેવનગર ઢોરા પાસેથી સીએનજી રિક્ષા જીજે-૦૨-ઝઝ-૬૭૦૨



પીધેલી હાલતમાં ચલાવતા હકા વલ્લભભાઇ દેગામા (ઉ.વ.૩૮)ને પકડ્યા છે. આજી ડેમ પોલીસે આજીડેમ ચોકડી નજીકથી હોન્ડા સાઇન મોટરસાયકલ જીજે-૦૩-ચઅ-૬૩૮૯ સાથે રવિ નરસિંહભાઇ સોલંકી (ઉ.વ.૩૮)ને, એ-ડિવિઝન પોલીસે મોચી બજાર પાસે સ્વિફ્ટ કાર જીજે-૦૩-ડઉ-૨૭૮૦ સર્પાકાર રીતે ચલાવતા લાલજી શામજીભાઇ વાવેશા (ઉ.વ.૨૨)ને તથા થોરાળા પોલીસે ભાવનગર રોડ પરથી બજાજ સીએનજી ઓટોરિક્ષા (જીજે-૦૩-ઈઝ-૬૬૦૩) સાથે દિનેશ ભનુભાઇ મકવાણા (ઉ.વ.૫૧)ને પીધેલી હાલતમાં ચલાવતા ઝડપી લીધા છે.

દેશી તથા વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલા શકશો વિશે જોઈએ તો શહેરમાં દારૂની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ રોકવા માટે દરોડા પાડી વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા કુલ ૭ કિસ્સામાં દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. વિદેશી દારૂના કેસોમાં એ-ડિવિઝન પોલીસે ઢેબર રોડ પરથી વિક્રમ ભવાન અગેસાણીયા (ઉ.વ.૩૫) અને સંજય મનહરભાઇ મકવાણા (ઉ.વ.૩૬)ને રોયલ સ્ટેગ વ્હિસ્કીની ૧૪ બોટલ, બડવાઇઝર બિયરની ૫ બોટલ અને એક્ટિવા જીજે-૦૩-જીજે-૧૧૨૫ મળી કુલ રૂ. ૩૧,૫૬૦ના મુદ્દામાલ સાથે પકડ્યા છે. પ્રદ્યુમનનગર પોલીસે રેલનગર અને પરસાણાનગર વિસ્તારમાંથી હીતેશ ચંદુભાઈ નડીયાપરા (૧ બોટલ), જયપાલસીંહ સહદેવસીંહ જાડેજા (૨ ચપલા) અને રાહુલ હરસુરભાઇ વાઘેલા (૧ ચપલા)ને ઝડપી લીધા છે, જ્યારે ગાંધીગ્રામ-૨ પોલીસે રૈયાગામ બસ સ્ટેન્ડ પાસેથી ઇબ્રાહીમ લાખાભાઇ ખેબરને વ્હિસ્કીના ૩ ચપલા સાથે પકડ્યો છે. દેશી દારૂના કેસોમાં ભક્તિનગર પોલીસે જંગલેશ્વરમાંથી અફઝલ ઉર્ફે બાપુ યાસીનભાઇ કાદરીને ૧૦ લીટર રૂ. ૨૦૦૦ અને આજી ડેમ પોલીસે સાઇબાબા સર્કલ પાસેથી કીરીટ મુકેશભાઈ દાણીધારીયાને ૧૦ લીટર દેશી દારૂ સાથે પકડ્યા છે. આ ઉપરાંત અન્ય વિસ્તારોમાં નીમુબેન વઢવાણીયા (૭ લિટર), દર્શિત વેકરીયા (૨ લિટર) અને મનોજ ભાદરવાડા (૬ લિટર) સામે પણ દેશી દારૂ રાખવા બદલ કાર્યવાહી કરાઈ છે.

દારૂનું સેવન કરી જાહેરમાં શખ્સો સામે પણ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના નોંધ્યા છે. એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ ટાગોર રોડ બિપિન રાવત પુલ પાસેથી સુધીર વલ્લભભાઇ વાછાણી (ઉ.વ.૪૨, રહે. મવડી ગામ) દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. તે જ રીતે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની ટીમે અંબિકા ટાઉનશિપ રોડ, સનાતન ગાંઠિયા પાછળથી ભાવિક ચંન્દ્રકાંતભાઇ પટેલ (ઉ.વ.૪૧, રહે. મવડી)ને કેફી પ્રવાહી પીધેલી હાલતમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### જૂનો પ્રેમસંબંધ તોડી સગાઈ કરી લેતા અને નંબર બ્લોક કરી દેતાં પૂર્વ પ્રેમી ખાર રાખી બેઠો હતો

# પ્રેમાંધનો પૂર્વ પ્રેમિકાના મંગેતર પર છરીથી હુમલો

## બચાવવા વચ્ચે પડેલી ૧૮ વર્ષીય યુવતી થઈ લોહીલુહાણઃહાથમાં ૩ ટાંકા આવ્યાઃ શાકમાર્કેટ પાસે વાતચીત કરવાના બહાને બોલાવી ઝઘડો કર્યોઃ ભક્તિનગર પોલીસે આરોપી અફઝાન સામે ગુનો નોંધી શોધખોળ આદરી



રાજકોટ, તા.,૧૩

જંગલેશ્વર વિસ્તારમાં જૂનો પ્રેમસંબંધ તોડી અન્ય જગ્યાએ સગાઈ કરી લેવાનો ખાર રાખી પૂર્વ પ્રેમી અફઝાને યુવતી અને તેના મંગેતરને દેવપરા શાકમાર્કેટ પાસે વાતચીત કરવાના બહાને બોલાવી કમરમાંથી છરી કાઢી જીવલેણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. મંગેતરને ઉગારવા વચ્ચે પડેલી ૧૮ વર્ષીય યુવતીના ડાબા હાથના પંજા પર છરી વાગી જતાં તેને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં તેને ૩ ટાંકા આવ્યા હતા. આ બનાવ અંગે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપી અફઝાનની શોધખોળ હાથ ધરી છે.

વિગતો જોઈએ તો શહેરના જંગલેશ્વર વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષીય યુવતીને આશરે દોઢેક વર્ષ પહેલાં અફઝાન ઉર્ફે ગફાર ઝાહીદભાઈ પરમાર નામના યુવક સાથે પ્રેમસંબંધ હતો. જોકે, યુવતીની અન્ય જગ્યાએ સગાઈ નક્કી થઈ જતાં તેણે અફઝાન સાથે પ્રેમસંબંધ રાખવાનું બંધ કરી દીધું હતું અને તેનો મોબાઈલ નંબર પણ બ્લોક કરી દીધો હતો. આ વાતની અદાવત રાખી આરોપી અફઝાને સાંજે યુવતીને ફોન કરી તેના મંગેતર સાથે દેવપરા શાકમાર્કેટ પાસે મળવા બોલાવી હતી.

દરમિયાન યુવતી તેના મંગેતર સાથે બાઈક પર રાત્રીના સવા આઠેક વાગ્યાના સુમારે દેવપરા શાકમાર્કેટ પાસે આવેલી શાળા નં. ૬૩ની દીવાલ નજીક ગલીમાં પહોંચી હતી. ત્યાં અફઝાન તેના બે મિત્રો નિર્ભય અને અન્ય એક સાથે અગાઉથી જ હાજર હતો. અફઝાને યુવતીને જોઈને ''તેં કેમ સગાઈ કરી લીધી અને મને બ્લોક કરી દીધો?'' તેમ કહી બોલાચાલી કરી એકદમ ઉશ્કેરાઈ જઈ મંગેતરને ધક્કો માર્યો હતો.

મંગેતર પર જીવલેણ હુમલો થતાં જ યુવતી વચ્ચે પડી ઉશ્કેરાયેલા અફઝાને પોતાની કમરમાંથી તીક્ષ્ણ છરી કાઢી મંગેતર પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ વખતે યુવતીએ પોતાના મંગેતરને બચાવવા માટે વચ્ચે હાથ ધરી દેતાં છરીનો ઘા યુવતીના ડાબા હાથના પંજાના ભાગે વાગી ગયો હતો. છરી વાગતાં જ યુવતી લોહીલુહાણ થઈ ગઈ હતી અને બૂમાબૂમ થતાં આરોપી અફઝાન તેના બંને મિત્રો સાથે ત્યાંથી નાસી છૂટ્યો હતો.

પોલીસે ગુનો નોંધી આરોપીની ધડપકડ માટે તજવીજ શરૂ કરી ઘટના બાદ ઈજાગ્રસ્ત યુવતીને તાત્કાલિક સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તબીબે તેના ડાબા હાથના પંજા પર ૩ ટાંકા લીધા હતા. સારવાર મેળવ્યા બાદ યુવતીએ ભક્તિનગર પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવી હતી. ભક્તિનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.એલ. રાઠોડે અફઝાન ઉર્ફે ગફાર ઝાહીદભાઈ પરમાર (રહે. જંગલેશ્વર શેરી નં. ૩૪, રાજકોટ) વિરુદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સાયલા-ચોટીલા હાઈવે પર બે અકસ્માતમાં ૩ ના મોત

### મૃતકો ચુડા-લીમડી પંથકના હોવાની વિગતો



રાજકોટ, તા.૧૩

સાયલા-ચોટીલા હાઈવે પર અકસ્માતોની વણઝાર જોવા મળી છે, જ્યાં બે અલગ-અલગ અકસ્માતની ઘટનાઓમાં કુલ ૩ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ ગમખ્વાર અકસ્માતોના કારણે મૃતકોના પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે અને સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

પ્રથમ બનાવ સાયલા તાલુકાના વણકી ગામ નજીક બન્યો હતો, જ્યાં એક પૂરઝડપે દોડતી એસટી બસ અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. બાઈકચાલકનું નિયંત્રણ છૂટતાં અથવા અચાનક બાઈક એસટી બસ પાછળ ઘસી જતાં બે યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર યુવાનોમાં વિક્રમ કાંજીયા અને જગદીશ દેવીપૂજકનો સમાવેશ થાય છે, જેઓ મૂળ ચુડા તાલુકાના મોરવાડ ગામના રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

આ જ હાઈવે પર આવેલા ડોળીયા ગામના ઓવરબ્રિજ પાસે બીજો એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં સામસામે કે પૂરઝડપે આવી રહેલી બે બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ બીજા અકસ્માતમાં બાઈક પર સવાર રમીલાબેન રાઠોડ નામની મહિલાનું મોત નીપજ્યું હતું. મૃતક રમીલાબેન લીંબડી ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે આ બંને ગંભીર અકસ્માતો અંગે ગુનો નોંધીને કાયદેસરની વધુ તપાસ શરૂ કરી છે.

### નહિ જેવી વાતે લોહિયાળ ખેલઃ છરી, ઈંટનો ઉપયોગ, ઢીકાપાટુ પણ માર્યાઃ આઠ જણા તૂટી પડ્યા

# બાઈક ધીમું ચલાવવાનું કહેતાં ટોળકીનો હુમલો

### કૃણાલ, વિક્રમ, ભુપત, જીગો, નિલેશ, અનિકેત, રાજ અને ભાવુબેન સહિત આઠ સામે થોરાળા પોલીસમાં ગુનો દાખલઃ બે ઈજાગ્રસ્તો સરકારી હોસ્પિટલમાં દાખલ

રાજકોટ તા. ૧૩

શહેરટના થોરાળા મેઇન રોડ પર આવેલા બાપાસીતારામ નગર વિસ્તારમાં ફૂલસ્પીડમાં બાઇક ચલાવવા બાબતે ઠપકો આપવાની સામાન્ય બાબતમાં આઠ જેટલા શખ્સોએ એક પરિવાર પર છરી, ઇંટ અને ઢીકાપાટુ વડે હુમલો કરી લોહિયાળ ખેલ ખેલ્યો હોવાની ઘટના સામે આવી છે. થોરાળા મેઇન રોડ નજીક સાધુ સ્મશાન પાસે આવેલી બાપાસીતારામ નગર શેરી નં-૫માં રહેતા અને મજૂરીકામ કરતા ચાલીસ વર્ષીય કિરણભાઇ બટુકભાઇ સોલંકીનો ૧૭ વર્ષીય પુત્ર શિવરાજ ગઈકાલે તારીખ બારમીના રોજ રાત્રિના આઠેક વાગ્યાના સુમારે ચનાભાઈની હોટેલ પાસે રોડની બાજુમાં ભંગાર ભાંગતો હતો. આ સમયે વિસ્તારમાં જ રહેતો કૌશિક ઉર્ફે કૃણાલ વિક્રમભાઈ રાઠોડ પોતાનું મોટરસાઈકલ અતિશય ઝડપે ચલાવીને ત્યાંથી નીકળ્યો હતો. શિવરાજે તેને વાહન ધીમું અને સરખું ચલાવવાનું કહેતાં કૃણાલ જેમતેમ બોલીને જતો રહ્યો હતો. પુત્રે ઘરે આવીને જાણ કરતાં કિરણભાઇના પત્ની નીરૂબેન તથા માતા કવીબેન, કૃણાલના પિતા વિક્રમભાઈ રાઠોડ જે સ્થળે બેસતા હતા તે સત્ય વિજય પાનની દુકાને ગયા હતા. ત્યાં હાજર વિક્રમભાઈ અને ભુપતભાઈને દીકરાને સમજાવવા કહેતાં તેઓએ ઉશ્કેરાઈને નીરૂબેન સાથે માથાકૂટ કરી ગાળાગાળી કરી હતી, જેથી બંને મહિલાઓ પરત ફરી ગઈ હતી.

ત્યારબાદ રાત્રિના આશરે સાડા નવેક વાગ્યાના સુમારે કિરણભાઇ અને તેમનો પરિવાર આજુબાજુના લોકો સાથે ઘરના ફળિયામાં બેઠા હતા, ત્યારે આ બોલાચાલીનો ખાર રાખીને કૃણાલ વિક્રમભાઈ રાઠોડ, વિક્રમભાઈ લાભુભાઈ રાઠોડ, ભુપતભાઈ લાભુભાઈ રાઠોડ, જીગાભાઈ મનોજભાઈ, નિલેશભાઈ વિક્રમભાઈ, અનિકેત ઉર્ફે મુંઠી ભુપતભાઈ, ભાવુબેન વિક્રમભાઈ અને રાજ વિક્રમભાઈ એકસંપ થઈ ધસી આવ્યા હતા. આ ટોળકીએ આવતાં જ ગાળો ભાંડી કિરણભાઇને ઢોરમાર મારવાનું શરૂ કર્યું હતું. હુમલા દરમિયાન વિક્રમભાઈ અને ભુપતભાઈએ કિરણભાઇને પકડી રાખ્યા હતા અને કૃણાલ વિક્રમભાઈએ પોતાની પાસે રહેલી છરી વડે કિરણભાઇને ડાબી સાઇડના બેઠકના ભાગે એક ઘા જીંકી દેતાં લોહીલુહાણ થઈ ગયા હતા. પતિને બચાવવા નીરૂબેન, માતા કવીબેન, ભત્રીજા વહુ જયશ્રીબેન, શારદાબેન, રાજુભાઈ તથા કિરણભાઇના મોટા બહેન જયશ્રીબેન વચ્ચે પડતાં આરોપી ભાવુબેને જયશ્રીબેનના વાળ પકડીને ઢીકાપાટુનો માર માર્યો હતો અને જીગાભાઈ મનોજભાઈએ ઈંટનો ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી.

ઘટના બાદ બૂમાબૂમ થતાં આજુબાજુમાંથી કોઇએ કોલ કરતાં ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ૧૦૮ મારફતે ઈજાગ્રસ્ત કિરણભાઇ સોલંકી અને તેમના બહેન જયશ્રીબેન રાઠોડને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બંનેને સર્જરી વોર્ડ નંબર-૬માં દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી છે. હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા કિરણભાઇની ફરિયાદના આધારે થોરાળા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ઘેલુંભાઈ ડી. શિયારે આઠેય આરોપીઓ કૃણાલ રાઠોડ, વિક્રમ રાઠોડ, ભુપત રાઠોડ, જીગા મનોજ, નિલેશ રાઠોડ, અનિકેત ઉર્ફે મુંઠી, ભાવુબેન રાઠોડ અને રાજ રાઠોડ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



### ટાગોર રોડ પર રાજ મંદિરવાળી શેરીમાં બનાવઃ એ ડીવીઝનમાં ફરિયાદ

# ફ્લેટ ખાલી કરી દેજો નહીંતર જીવતા નહીં છોડું!

### ભાડૂઆતે બેંક હરરાજીમાંથી ફ્લેટ ખરીદતાં મકાનમાલિકને ખાર ચડ્યોઃ પરિવાર પર પાઈપ વડે જાનલેવા હુમલો કરી મારી નાખવાની ધમકી



રાજકોટ તા. ૧.૩

શહેરના ટાગોર રોડ પર રાજમંદીરવાળી શેરીમાં આવેલા શ્રી એપાર્ટમેન્ટમાં રહેતા મૂળ બિહારના અને હાલ ઘરકામ કરતા ૪૦ વર્ષીય લલીતાદેવી લલિતકુમાર ઝા નામના મહિલાએ પોતાના પૂર્વ મકાનમાલિક અને તેના પુત્ર સહિતના શખ્સો વિરુદ્ધ લોખંડના પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. લલીતાદેવી પોતાના પતિ, બે પુત્રો પ્રિન્સ અને ઓમ તથા પુત્રી સાધના સાથે અગાઉ શ્રી એપાર્ટમેન્ટના ત્રીજા માળે ફ્લેટ નં. ૩૪માં નવનીતભાઈ નામના મકાનમાલિકના ત્યાં ભાડેથી રહેતા હતા. આ જ એપાર્ટમેન્ટમાં આવેલો ફ્લેટ નં. ૩૨ બેંકની લોન પર હોવાથી અને તેના હપ્તા ચડી જતાં બેંકે સીલ મારી હરરાજી કરી હતી. આ ફ્લેટ જૂન મહિનામાં લલીતાદેવીના પરિવારે ખરીદી લીધો હતો. ભાડૂઆતે જ ફ્લેટ ખરીદી લીધો તે બાબત નવનીતભાઈને ગમી ન હોવાથી તેઓ અવારનવાર નાની-નાની બાબતે અદાવત રાખી ઝગડો કરતા હતા અને ૩૧ જુલાઈના રોજ ફ્લેટ ખાલી કરાવી દીધો હતો, જેથી પરિવાર પોતાના નવા ખરીદેલા ફ્લેટમાં શિફ્ટ થઈ ગયો હતો.

ગઈકાલે રાત્રે આશરે નવેક વાગ્યાના સુમારે લલીતાદેવીનો મોટો પુત્ર પ્રિન્સ, જે સિક્યુરીટીની નોકરી કરે છે, તે નીચે ગયો હતો. આ સમયે ઘરના સભ્યો જમવા બેસવાની તૈયારી કરતા હતા ત્યારે નીચેથી બૂમો અને ગાળાગાળીનો અવાજ આવ્યો હતો. નાના પુત્ર ઓમે પ્રિન્સને ફોન કરતાં રાડાબૂમ સંભળાતાં જ લલીતાદેવી, તેમના પતિ અને બાળકો તાત્કાલિક નીચે દોડી ગયા હતા. ત્યાં એપાર્ટમેન્ટના ગેટ બહાર નવનીતભાઈ, તેમનો પુત્ર રૂદ્ર અને બે અજાણ્યા માણસો પ્રિન્સને લોખંડના પાઈપ વડે મારી રહ્યા હતા. લલીતાદેવી અને તેમના પતિ વચ્ચે પડતાં નવનીતભાઈએ લલીતાદેવીને જમણા પગના સાથળના ભાગે પાઈપ માર્યો હતો, જ્યારે રૂદ્રએ તેમના પતિને જમણા હાથની હથેળીમાં પાઈપ મારતાં મૂઢ ઈજા થઈ હતી. આ ઉપરાંત સાથે આવેલા અન્ય માણસો અને પાછળથી આવેલા વધુ ત્રણેક અજાણ્યા શખ્સોએ પરિવારના સભ્યોને ઢીકાપાટુનો ઢોરમાર માર્યો હતો.

હુમલો કર્યા બાદ નવનીતભાઈએ ધમકી આપી હતી કે, ''તમે ખરીદેલ ફ્લેટ ખાલી કરી દેજો, નહીંતર જીવતા નહીં છોડું.'' આટલું કહી તમામ હુમલાખોરો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત પરિવારને સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં પ્રાથમિક સારવાર મેળવ્યા બાદ લલીતાદેવીએ તેમના પતિ સાથે પોલીસ મથકે પહોંચી નવનીતભાઈ, તેના પુત્ર રૂદ્ર અને અન્ય અજાણ્યા શખ્સો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત વિસ્તારોમાં મેઘમહેરની આગાહી

# ગુજરાતમાં ૪૮ કલાકમાં ભારે વરસાદ

### અરબી સમુદ્રમાં ભારે કરંટ જોવા મળી રહ્યો હોવાથી દરિયાકાંઠાના વિસ્તારો માટે વિશેષ ચેતવણી જારી કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં વરસાદના એક નવા રાઉન્ડે ધબધબાટી બોલાવી છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૧૫ સપ્ટેમ્બર સુધી ભારેથી અતિભારે વરસાદની સત્તાવાર આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર, સક્રિય મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જેવી વિવિધ હવામાન પ્રણાલીઓ એકસાથે સક્રિય થવાને કારણે રાજ્યભરમાં વરસાદી માહોલ બરાબરનો જામશે.

હવામાન ખાતાના લેટેસ્ટ બુલેટિન મુજબ, આગામી ૪૮ કલાક રાજ્યના મોટાભાગના વિસ્તારો માટે અત્યંત મહત્વપૂર્ણ રહેશે. આ સમયગાળા દરમિયાન દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને પૂર્વ મધ્ય ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકવાની પૂરેપૂરી સંભાવના છે. ખાસ કરીને આ વિસ્તારોમાં નદી-નાળાઓ છલકાઈ જવાના અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની શક્યતાઓ રહેલી છે, તેથી સ્થાનિક તંત્ર અને નાગરિકોને સાવચેત રહેવા જણાવાયું છે.

રાજ્યના પાટનગર ગાંધીનગર અને મેટ્રો સિટી અમદાવાદમાં પણ મેઘરાજા મહેરબાન થશે. આ બંને મોટા શહેરોમાં આગામી દિવસોમાં ભારે વરસાદ પડવાની આગાહી છે, જેનાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જશે પરંતુ સાથે જ ટ્રાફિક અને જળભરાવની સમસ્યાઓ પણ સર્જાઈ શકે છે. આ ઉપરાંત, આવતીકાલે



કચ્છ જિલ્લામાં પણ ભારે વરસાદની શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. કચ્છ જેવા સૂકા પ્રદેશમાં વરસાદની આ આગાહી ખેડૂતો અને માલધારીઓ માટે રાહતનો શ્વાસ લઈને આવી છે. દરિયાકાંઠાના વિસ્તારો માટે વિશેષ ચેતવણી જારી કરવામાં આવી છે. અરબી સમુદ્રમાં ભારે કરંટ જોવા મળી રહ્યો હોવાથી અને પવનની ગતિમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા હોવાથી, માછીમારોને આગામી સૂચના ન મળે ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં દરિયો ન ખેડવા માટે કડક સૂચના આપવામાં આવી છે. દરિયાઈ સુરક્ષાના ભાગરૂપે રાજ્યના વિવિધ પોર્ટ પર ભયસૂચક ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સિગ્નલ ખરાબ હવામાન અને દરિયામાં ભારે તોફાનની શક્યતા દર્શાવે છે.

એકંદરે, લો પ્રેશર, સક્રિય મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની ત્રિવેણી અસરોને લીધે ગુજરાતમાં આગામી દિવસોમાં સારો એવો વરસાદ નોંધાશે. રાજ્ય સરકાર અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા પણ તમામ જિલ્લા વહીવટીતંત્રોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે, જેથી કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક પગલાં લઈ શકાય. નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ બિનજરૂરી મુસાફરી ટાળે અને હવામાન વિભાગની સત્તાવાર માહિતી અનુસાર જ પોતાનું આયોજન કરે.

## મોરબીમાં વીજળી પડતાં માતા-પુત્રનું મોત

### અમદાવાદમાં મકાન ધરાશાયી થતા મહિલાનો ભોગ

ગુજરાત રાજ્યમાં એકસાથે ૪ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં મેઘરાજાએ ફરી તોફાની બેટિંગ શરૂ કરી છે. આજે સવારે ૬ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૨૩૩ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં બોટાદના બરવાળામાં સૌથી વધુ ૩.૩૯ ઈંચ અને વલસાડના કપરાડામાં ૩.૩૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત ૫૦ થી વધુ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૧૩ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદની આગાહી સાથે 'રેડ એલર્ટ' આપવામાં આવ્યું છે. જ્યારે વડોદરા, અમદાવાદ, આણંદ સહિત સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી છે. સિઝનમાં સૌથી વધુ વરસાદની ઘટ ધરાવતા દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ૧૪મી સપ્ટેમ્બરના રોજ 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે. સાર્વત્રિક વરસાદ વચ્ચે રાજ્યમાં બે અલગ-અલગ કરૂણ દુર્ઘટનાઓ પણ ઘટી છે. મોરબી જિલ્લાના હળવદ તાલુકાના માથક ગામે માધવ ગોકળભાઈની વાડીમાં મજૂરી કામ કરી રહેલા શ્રમિક પરિવાર પર અચાનક વીજળી પડતાં ૨૮ વર્ષીય મનકુબેન નાયક અને તેમના ૪ વર્ષીય માસૂમ પુત્ર શ્યામ નાયકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બીજી તરફ, અમદાવાદ શહેરમાં બપોર





બાદ આશ્રમ રોડ, ઉસ્માનપુરા, એસજી હાઈ-વે અને બોડકદેવ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ તૂટી પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ભારે વરસાદ વચ્ચે ખાડિયા ચાર રસ્તા પાસે એક મકાન ધરાશાયી થતાં ૪ લોકો કાટમાળ હેઠળ દટાયા હતા. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી જાનવી રાણા, પાર્થ રાણા અને આશાબેનનું સુરક્ષિત રેસ્ક્યુ કર્યું હતું, પરંતુ આ દુર્ઘટનામાં કાટમાળ નીચે દબાઈ જવાથી સોનલબેન રાણા નામની મહિલાનું કરૂણ મોત નીપજ્યું હતું. લાંબા વિરામ બાદ સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદી માહોલ અને ભારે પવનના કારણે દરિયો તોફાની બન્યો છે. દીવના દરિયામાં ૧૦ ફૂટ ઊંચા મહાકાય મોજા ઉછળતા જોવા મળ્યા હતા. જ્યારે સાવચેતીના ભાગરૂપે અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદરે ભયસૂચક ૩ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે.

# કાકા ભત્રીજાને આશાપુરા ડેમ ગળી ગયો

### સાત વર્ષના માસૂમ ભત્રીજાને બચાવવા ગયેલા ૧૯ વર્ષીય કાકાએ પણ જીવ ગુમાવ્યો, ત્રણ મહિના પહેલાં જ પરણેલા યુવાનના મોતથી પરિવારમાં ભારે આક્રંદ





રાજકોટ, તા.૧૩

રાજકોટ જિલ્લાના ગોંડલ શહેરમાં આવેલા આશાપુરા ગાર્ડન નજીક આશાપુરા ડેમ કાંઠે એક અત્યંત કરુણ દુર્ઘટના સર્જાઈ છે. મૂળ દાહોદના કંબોઈ ગામના અને હાલ ગોંડલમાં મજૂરીકામ કરતા પરિવારનો ૭ વર્ષીય બાળક અવિનાશ અનિલભાઈ કટારા સાંજે ૬ થી ૭ વાગ્યાના અરસામાં ડેમ કાંઠે સ્નાન કરી રહ્યો હતો. તે દરમિયાન અચાનક તેનો પગ લપસી જતાં તે ઊંડા પાણીમાં ગરકાવ થવા લાગ્યો હતો. ભત્રીજાને પાણીમાં ડૂબતો જોઈને તેને બચાવવા માટે તેના ૧૯ વર્ષીય કાકા રામુ મગનભાઈ લીંબાએ જીવના જોખમે પાણીમાં ઝંપલાવ્યું હતું.

જોકે, ડેમમાં પાણીનું પ્રમાણ વધુ હોવાને કારણે અને ઊંડાણ વધુ હોવાથી કાકા પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પાણીમાં ડૂબી જવાથી કાકા-ભત્રીજા બંનેના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક રામુના લગ્ન માત્ર ૩ મહિના પહેલાં જ થયા હતા. આ હૃદયદ્રાવક ઘટનાથી શ્રમિક પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટનાની જાણ થતાં જ ગોંડલ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર ઓફિસર કિશોરભાઈ ગોહેલ, જયેશભાઈ સોજીત્રા, વિજયસિંહ ચુડાસમા, અભિરાજસિંહ જાડેજા, જયરાજસિંહ ચુડાસમા અને જગદીશભાઈ પનીયાણી સહિતની ટીમે ડેમના ઊંડા પાણીમાં ભારે જહેમત બાદ બંને કાકા-ભત્રીજાના મૃતદેહ શોધીને બહાર કાઢ્યા હતા. બનાવની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ, નગરપાલિકાના ઉપપ્રમુખ મનીષભાઈ રૈયાણી અને ગોંડલ બી ડિવિઝન પી.આઈ. જી.એસ. ગઢવી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને આગળની જરૂરી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### પાંચ વખત દુષ્કર્મ આચર્યાની પોલીસમાં ફરિયાદથી ચકચાર

# પડોશમાં રહેતા વૃદ્ધના દુષ્કર્મથી યુવતી સગર્ભા

રાજકોટ, તા.૧૩

રાજકોટ જિલ્લા પંથકમાં એક ગામમાં ૬૦ વર્ષીય વૃદ્ધે પાડોશમાં જ રહેતી ૨૩ વર્ષીય યુવતીને જાનથી મારી નાખવાની ધમકી આપી અવારનવાર દુષ્કર્મ આચરતા પાંચ માસનો ગર્ભ રહી જતાં આ મામલે યુવતીના વાલીઓએ ભાયાવદર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, ઉપલેટા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય દીકરી ઘરે એકલી હતી. પરિવારજનો મજૂરીએ ગયા હતા ત્યારે બપોરના સુમારે યુવતી કુદરતી હાજતે ગઈ હતી. આ સમયે પાડોશમાં રહેતો ૬૦ વર્ષીય મધુ રૂડાભાઈ અકબરી પાછળ ધસી આવ્યો હતો. તેણે યુવતીના મોઢે ડૂચો દઈ જો તું બૂમાબૂમ કરીશ તો તને મારી નાખીશ તેવી ધમકી આપી રસ્તાની સામે આવેલી અવાવરું જગ્યાએ ખેંચી ગયો હતો . ત્યાં તેની સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ આરોપી મધુ અકબરીએ યુવતીને ડરાવી-ધમકાવીને ચૂપ રહેવા મજબૂર કરી હતી.

ડરના માર્યા યુવતીએ કોઈને વાત કરી ન હતી. જેનો ગેરલાભ ઉઠાવીને કામુક વૃદ્ધે છેલ્લા



કેટલાક મહિનાઓ દરમિયાન આશરે પાંચેક વખત યુવતી પર શારીરિક અત્યાચાર ગુજાર્યો હતો. છેલ્લે બે મહિના પૂર્વે પણ તેણે આ જ પ્રકારે દુષ્કર્મ આચર્યું હતું. દરમિયાન યુવતી ગર્ભવતી થઈ જતાં પરિવારે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી હતી, જ્યાં તબીબે તેને ૨૧ અઠવાડિયાનો ગર્ભ હોવાનું નિદાન કર્યું હતું. દીકરીની જિંદગી રોળનાર આ પાડોશી સામે પરિવારે ભાયાવદર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ મથકના પીઆઈ એ.બી. જાડેજાની ટીમે આરોપી મધુ રૂડાભાઈ અકબરી સામે બળાત્કાર અને ધમકી આપવાનો ગુનો નોંધી ધરપકડ કરવા કાર્યવાહી હાથ ધરી છે.

## રાજકોટના હનુમાન મઢી ચોકમાં અસામાજિક તત્વોનો આતંક

# દેવપુષ્પ મેડિકલ સ્ટોરમાં મોડી રાત્રે ભારે તોડફોડ, અફરાતફરી

### ગાંધીગ્રામ પોલીસે ગણતરીની મિનિટોમાં કાફલા સાથે દોડી જઈ ૩ થી ૪ શખ્સોને રાઉન્ડઅપ કર્યાઃ કાયદો અને વ્યવસ્થાની કથળતી પરિસ્થિતિ અંગે બુદ્ધિજીવી વર્ગમાં ભારે રોષ








રાજકોટ, તા.૧૩

રાજકોટ શહેરમાં અસામાજિક તત્વોને જાણે પોલીસનો કોઈ ડર જ ન રહ્યો હોય તેમ છાશવારે મારામારી અને તોડફોડની ઘટનાઓ સામે આવી રહી છે. ગત મોડી રાત્રે શહેરના અત્યંત વ્યસ્ત અને ચહલપહલ વાળા વિસ્તાર એવા હનુમાન મઢી ચોકમાં આવેલા 'દેવપુષ્પ મેડિકલ સ્ટોર'માં કેટલાક અજાણ્યા શખ્સોએ અચાનક જ હુમલો કરી ભારે તોડફોડ મચાવી હતી. મેડિકલ સ્ટોર જેવા આવશ્યક સેવાના સ્થળે મોડી રાત્રે બનેલી આ ઘટનાને પગલે રસ્તેથી આવન-જાવન કરતા રાહદારીઓ અને સ્થાનિક લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી અને ભયનો માહોલ સર્જાયો હતો.

બનાવની જાણ થતાં જ ગાંધીગ્રામ પોલીસ મથકનો મોટો કાફલો તાત્કાલિક સાયરનો વગાડતો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને તોડફોડ કરી આતંક મચાવનાર ત્રણથી ચાર જેટલા શખ્સોને રાઉન્ડઅપ કરી લીધા હોવાની પ્રાથમિક વિગતો પ્રાપ્ત થઈ રહી છે. અસામાજિક તત્વોએ ક્યા કારણોસર મેડિકલ સ્ટોરને નિશાન બનાવીને તોડફોડ કરી? શું કોઈ જૂની અદાવત હતી, પૈસાની લેતી-દેતીનો ડખો હતો કે પછી લુખ્ખાગીરીનો પ્રયાસ? તે તમામ દિશામાં ઝીણવટભરી તપાસ કરવા માટે પોલીસે મેડિકલ સ્ટોરના સંચાલકને પણ પોલીસ મથકે લઈ જઈ તેમની સઘન પૂછપરછ હાથ ધરી છે.

આ ઘટનાએ રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી એકવાર ગંભીર પ્રશ્નાર્થ ચિન્હ લગાવી દીધું છે. શહેરના જાગૃત અને બુદ્ધિજીવી વર્ગમાં એવો સૂર ઉઠી રહ્યો છે કે ગુનેગારો અને લુખ્ખા તત્વોમાં કાયદાનો કે ખાખી વરદીનો કોઈ જ ખોફ રહ્યો નથી. અસામાજિક તત્વો ગમે ત્યારે અને ગમે ત્યાં ધોકા, છરી કે તલવાર જેવા ઘાતક હથિયારો સાથે ખુલ્લેઆમ આતંક મચાવી રહ્યા છે, જે શાંતિપ્રિય નાગરિકોની સુરક્ષા માટે મોટો ખતરો સાબિત થઈ રહ્યો છે.

શહેરની વધતી જતી ગુનાખોરીને કડક હાથે ડામી દેવા માટે હવે રાજકોટ પોલીસ કમિશનરે કોઈ દાખલારૂપ અને આકરાં પગલાં લેવાનો સમય પાકી ગયો છે. ગાંધીનગર સ્થિત ઉચ્ચ પોલીસ તંત્ર શહેરના પોલીસ બેડાની નિષ્ફળતા નોંધીને બદલીઓનું સ્ટીમરોલર ફેરવે અને કોઈ મોટા એક્શન લે, તે પહેલાં સ્થાનિક પોલીસે જાગીને રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવવું જોઈએ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સત્વરે સુધારવી જોઈએ તેવી લોકમાંગ પ્રબળ બની છે.